# ગાંધીનગરમાં ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ પોલીસ એકેડેમીઝની ૧૨મી કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

**પોલીસીંગ એટ ટાઈમ્સ ઓફ ટેકનોલોજીકલ એકસીડન્ટસ એન્ડ નેચરલ ડિઝાસ્ટર્સ વિષયે સામુહિક ચર્ચા-મંથનનું વૈશ્વિક પ્લેટફોર્મ બનશે 'ઈન્ટરપા કોન્ફરન્સ' : પોલીસ દળ શાંતિ-સલામતી-સુરક્ષા વ્યવસ્થા ઉપરાંત કુદરતી કે માનવસર્જિત વિપદામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સેફટી ઓપરેશન્સ માટે પણ સતત કાર્યરત રહે છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**



(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ પોલીસ એકેડમીઝની ૧૨મી કોન્ફરન્સ સભ્ય દેશો માટે પોતાની બેસ્ટ પોલિસીંગ પ્રેક્ટિસને ઉજાગર કરવાનો મંચ બની છે. ટ્રેનિંગ, રિસર્ચ અને પ્રોફેશનલ ડેવલોપમેન્ટ માટે તેમજ ટેકનોલોજી અને ઈનોવેશનને અપનાવવા માટે સહયોગ કરીને આ કોન્ફરન્સ પોલીસિંગને નવા આયામ પ્રદાન કરશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ૧૨મી ઈન્ટરપા કોન્ફરન્સના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત વિશ્વભરના પોલિસીંગ ફિલ્ડના મહાનુભાવો, તજજ્ઞો અને કર્મીઓને સંબોધન કરી રહ્યા હતા. આ સંદર્ભે તેમણે કહ્યું કે, ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ પોલીસ એકેડેમી ૬૩ દેશની ૮૦ પોલીસ એકેડમીઓને સાથે જોડીને પોલિસીંગને વૈશ્વિક સ્તરે નવી દિશા, નવું બળ આપી રહી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પોલીસ બળની જવાબદારી માત્ર સમાજમાં કાનૂન વ્યવસ્થા કે શાંતિ સલામતી જાળવવાની જ નથી. તે ઉપરાંત ડિઝાસ્ટર મેનેજમેન્ટ, રેસ્કયુ અને સેફટી ઓપરેશન્સ તેમજ કુદરતી કે માનવસર્જિત અનેક આપદાઓમાં પણ પોલીસ દળ સતત કાર્યરત રહે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા પોલીસ દળમાં બેસ્ટ પ્રેક્ટિસ અને તેના પોઝિટિવ ઈમ્પ્લીમેન્ટેશનને પ્રાથમિકતા આપી છે. વિશ્વની એકમાત્ર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગુજરાતમાં તેમના દિશા-દર્શનમાં કાર્યરત છે. મુખ્યમંત્રી વધુમાં કહ્યું કે, વર્તમાન સમયમાં ક્રાઈમ અને તેનો પ્રકાર બદલાતો જાય છે. સાયબર ક્રાઈમ, ડિજિટલ ફ્રોડ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ અને ડ્રગ્સ જેવા દૂષણોએ નવા પડકારો ઊભા કર્યા છે. ઝીરો ટોલરેન્સની નિતીથી આ પડકારોને પહોંચી વળવા માટે આ કોન્ફરન્સ વિચારોના આદાન-પ્રદાનનોનું માધ્યમ બની રહેશે. આ કોન્ફરન્સમાં વર્તમાન સમયને અનુરૂપ વિવિધ વિષયો ઉપર જ્ઞાનસત્ર અને ચર્ચા-પરામર્શ થવાના છે તેની પણ મુખ્યમંત્રીએ સરાહના કરી હતી. મુખ્યમંત્રી એન.એફ.એસ.યુ. અને ઈન્ટરપાના સૌ અધિકારીઓને કોન્ફરન્સના ઉત્કૃષ્ટ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ, પદ્મશ્રી ડો. જે.એમ. વ્યાસે જણાવ્યું હતું કે આ ૧૨મી ઈન્ટરપા કોન્ફરન્સમાં વિશ્વના ૩૧ દેશોના ૧૧૦થી વધુ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત છે. બીજી વખત આ ઈન્ટરપા કોન્ફરન્સનું આયોજન કરવાનું ગૌરવ NFSUને પ્રાપ્ત થયું છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીનના પરિણામે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) ભારતની એકમાત્ર સરકારી યુનિવર્સિટી છે, કે જેણે પોતાનું કેમ્પસ વિદેશમાં, યુગાન્ડા ખાતે પ્રારંભ કર્યું છે અને ફોરેન્સીક સાયન્સિસમાં વિશ્વખ્યાતી મેળવી છે. આ યુનિવર્સિટી માત્ર શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે જ કાર્ય કરતી નથી, પરંતુ ટ્રેનિંગ અને કન્સલ્ટન્સી પણ પૂરી પાડે છે. અત્યાર સુધીમાં ૮૨થી વધુ દેશોના ઈન-સર્વિસ પર્સન્સ, પોલીસ ઓફિસર્સને ફોરેન્સિક સાયન્સ સંબંધિત ક્ષેત્રે ટ્રેનિંગ પૂરી પાડવામાં આવી છે. ગુનેગારો અત્યારે અત્યાધુનિક ટેક્નોલોજીનો દુરૂપયોગ કરીને ગુનાખોરી કરી રહ્યાં છે, તેવા સમયમાં પોલિસિંગ ક્ષેત્રે તપાસની પ્રક્રિયા આપણે વધુ કાર્યદક્ષ, મજબૂત બનાવવાની છે. NFSU ટેક્નોલોજી બેઝ્ડ ઈન્વેસ્ટિગેશનમાં કાર્યરત છે અને માત્ર ભારત જ નહીં, વિદેશના જટિલ કેસોનો ઉકેલ લાવવામાં પણ મદદરૂપ થઈ રહ્યું છે. આ પ્રસંગે ઈન્ટરપાના સભ્ય દેશોના તજજ્ઞો, પોલીસ અધિકારીઓ, પોલીસ મહાનિદેશક વિકાસ સહાય, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરના કેમ્પસ ડાયરેકટર, પ્રો.(ડો.) એસ.ઓ. જુનારે અને અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢમાં ધોબી સમાજનો ૨૧મો વિદ્યાર્થી સન્માન સમારંભ તેમજ સ્નેહમિલન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન




(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૩

મયારામદાસજી આશ્રમ ખાતે તારીખ ૧૯-૧૧-૨૩ના રોજ સમસ્ત ધોબી સમાજ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા ૨૧મો સરસ્વતી સન્માન સમારંભ તથા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મેયર ગીતાબેન પરમાર, માંગરોળ ધોબી સમાજના કિશનભાઈ પરમાર, શિક્ષણવિદ બીજલબેન ચૌહાણ, ભૂમિકાબેન ચુડાસમા, રીટાબેન ચાવડા, મીનાબેન દુસારા, હંસાબેન ચૌહાણ, રેખાબેન સોલંકી વગેરે સમાજના માનવતા મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. ધોબી સમાજના ગુજરાત કક્ષાએ ધોરણ ૧૦ અને ૧૨માં સ્થાન પ્રાપ્ત કરેલ સમાજના ૨૧ વિદ્યાર્થી તારલાઓ તથા ધોરણ એક થી કોલેજ સુધીના તથા બીએડ કક્ષાના ઉચ્ચ અભ્યાસ કરતા કુલ ૧૭૩ વિદ્યાર્થીઓને શિલ્ડ અને સન્માન પત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરેલ હતા. ઉપરાંત તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે અને કોમ્પિટિટિવ એક્ઝામની તૈયારી કરવા અને તેનું માર્ગદર્શન આપવા માટે વડીયાના શિક્ષણ વિદ બીજલબેન ચૌહાણ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ઉદયપુર ખાતે નેશનલ કરાટેમાં નેશનલ ચેમ્પિયનશિપ વિજેતા વેરાવળના ચૌહાણ અરનવ હિરેનભાઈ એ ધોબી સમાજનું ગૌરવ વધારી કરાટેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મગનભાઈ પરમાર, ધવલભાઈ પરમાર, આસિસ્ટન્ટ કમિશનર જયેશભાઈ વાજા, ધોરાજીથી ધીરૂભાઈ ગોહિલ, નાયબ મામલતદાર રાજેશભાઈ પરમાર, કેવલભાઈ વાજા, મેંદરડાના ડો. શ્રેયસ પરમાર, શાંતિભાઈ વાજા, બોટાદથી રસિકભાઈ ચુડાસમા, રણછોડભાઈ સોલંકી, છગનભાઈ પરમાર, વેરાવળના હિરેનભાઈ ચૌહાણ, શૈલેષભાઈ પરમાર તથા ધર્મેન્દ્રભાઈ વાઘેલા વગેરે ધોબી સમાજના આગેવાન તેમજ મહાનુભાવોએ ઉપસ્થિતિમાં સમાજના ગૌરવ સમા તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, છોટુભાઈ વાજા, પ્રજ્ઞેશભાઈ વાજા, જયંતીભાઈ બ્રહ્માણી, અલ્પેશભાઈ પરમાર, અનિલભાઈ ગોહિલ, લક્ષ્મણભાઈ સોલંકી, હિતેશભાઈ વાજા, પરશુરામભાઈ ચૌહાણ, હસમુખભાઈ મારૂ, ભુપતભાઈ વાળા, જાદવભાઈ વાળા, મધુભાઈ વાળા, દેવેનભાઈ વાજા, ગોપાલભાઈ સોલંકી, રોનકભાઈ વાજા, મનસુખભાઈ, નાનજીભાઈ, અશોકભાઈ વાજા, કિરીટભાઈ વાજા, બાબુલભાઈ વાજા, સંજયભાઈ વાજા, હસમુખભાઈ ચાવડા, દામિનીબેન મનીષભાઈ વાજા, કેયુરભાઈ ચુડાસમા, ભાવેશભાઈ વાઘેલા વગેરે સેવાભાવી સમાજના કાર્યકરો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન લક્ષ્મણભાઈ સોલંકી તથા ચંપકભાઈ જેઠવા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## પવિત્ર પરિક્રમામાં ફરજ ઉપર તૈનાત કરવામાં આવેલ બીલખાના પોલીસ મેનની માનવતાપુર્ણ સેવા

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)
બીલખા તા.૨૩

બીલખા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ વીરલભાઈ ત્રીવેદી અને હાર્દિકભાઈ પંડયાને હાલમાં શરૂ થનારી પવિત્ર ગિરનારની લીલી પરિક્રમામાં ફરજ ઉપર તૈનાત કરવામાં આવ્યા છે.

૩૬ કિ.મી.ની આ અતિ કપરી યાત્રામાં નળ ઘોડી પાસે સૌથી કપરૂં ચઢાણ છે અને આ વિસ્તારમાં જ બીલખાના ઉપરોકત બંને પોલીસમેનોની ફરજ નિયુકત થઈ છે.




વૃધ્ધો, બાળકો અને બીમારો માટે આ ચઢાણ ચડવું ખુબ જ કપરૂં છે પરંતુ બીલખાની આ બંને જાંબાઝ પોલીસમેન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ઉપર ચાંપતી નજર રાખી જ રહયા છે. સાથો સાથ વૃધ્ધો અને નિઃસહાયોને આ કપરૂ ચઢાણ ચડવા માટે ખંભે ખંભો દઈ મદદગાર બની માનવતાની પણ સેવા કરી રહયા છે. પોલીસની આ કામગીરીની યાત્રીકો દ્વારા ખુબ જ સરાહના થઈ રહી છે.

## બીલખાના પ્રખર વૈષ્ણવ અને નિષ્ણાંત સંગીતયજ્ઞ સ્વ.શ્રી બુધ્ધિલાલ બાપાની આજે ચોથી પુણ્યતિથી

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)
બીલખા તા.૨૩

બીલખા પંથકમાં વૈષ્ણવ સમાજના ભીષ્મપિતામહ સમાન આ પ્રખર સંગીતજ્ઞ બુધ્ધિલાલબાપા ગણાત્રા તા.૨૩-૧૧-૨૦૧૯ના રોજ ગૌલોક પામ્યા હતા. આજરોજ તેમની ચોથી પુણ્યતિથી હોય સમગ્ર વૈષ્ણવ સમાજ દ્વારા તેમને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવી રહયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ.શ્રી બુધ્ધિલાલબાપા શાસ્ત્રીય સંગીતના આચાર્ય તરીકે ખ્યાતી પામ્યા હતા અને સ્વ.શ્રી બુધ્ધિલાલ બાપાએ તેમની ૯૨ વર્ષની ઉંમરમાં અનેક યુવાનોને કોઈપણ જાતની ફી લીધા વગર તાલીમ આપીને તબલાના ઉસ્તાદ અને હારમોનીયમના હોનહાર કલાકારો સમાજને આપ્યા છે. એમની એ અદ્ભુત સેવા અવિસ્મરણીય છે. આજે પણ તેમના દ્વારા તૈયાર થયેલા યુવાનો તેમની રાહ ઉપર ચાલીને કોઈપણ જાતની ફી લીધા વગર ભજન-કિર્તનમાં સંગીત વગાડી ધર્મની સેવા બજાવી રહયા છે.



## સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજની ટીમ અન્નક્ષેત્રમાં સેવા આપે છે



જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ મહાનગર સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજની ટીમ દ્વારા ગિરનારની લીલી પરીક્રમામાં પૂ.મુકતાનંદબાપુના સહયોગથી અગ્નિ અખાડા ભવનાથ મુકામે અન્નક્ષેત્ર સેવાયજ્ઞમાં સેવા આપવા માટે જૂનાગઢ જીલ્લા મહાનગર ટીમના પ્રફુલભાઈ ત્રિવેદી, મેહુલભાઈ દવે, શૈલષભાઈ રવૈયા, છેલભાઈ જોષી, રવિભાઈ ઠાકર, કનકબેન વ્યાસ, રૂપલબેન લખલાની અને જૂનાગઢ મહાનગરની સર્વે ટીમ સેવા કાર્યમાં કાર્યરત થયા છે. તા.૨૨/૧૧/૨૦૨૩થી તા.૨૭/૧૧/૨૦૨૩ દરમ્યાન પરીક્રમામાં આવતા ભકતોને પ્રસાદ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## હિંડોચા પરિવારનો સોમવારે સણખલા ગામે હવન

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૩

રઘુવંશી જ્ઞાતિના હિંડોચા પરિવારના સુરાપુરા દાદા તથા માતાજીના હવનનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાણવડ તાલુકાના સણખલા ગામે આગામી સોમવાર તારીખ ૨૭ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવારે ૯ વાગ્યે હવનનો પ્રારંભ થશે. બપોરે ૧:૩૦ વાગ્યે હવનનું બીડું હોમાયા બાદ પરિવારજનો માટે સમૂહ પ્રસાદીનું પણ આયોજન કરાયું છે. જેમાં સહભાગી થવા સર્વે હિંડોચા કુટુંબીજનોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## પોરબંદરમાં ડોસાણી પરિવાર દ્વારા ચાલતી ભાગવત સપ્તાહમાં રસ તરબોળ થતા શ્રોતાઓ

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૩

પોરબંદરના વિપુલભાઈ વન્દ્રાવાનભાઈ ડોસાણી તથા ડોસાણી ગણાત્રા અને ભરાણીયા પરિવાર દ્વારા પોરબંદરમાં આવેલા કબીર આશ્રમ ખાતે ગત સોમવાર તારીખ ૨૦ થી શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જાણીતા કથાકાર શાસ્ત્રી શ્રી મહેશભાઈ બી. કુવાના વ્યાસાસને ચાલી રહેલી આ ભાગવત સપ્તાહમાં દરરોજ ખૂબ મોટી સંખ્યામાં શ્રોતાઓ કથા શ્રવણનો લાભ લઈ અને પુણ્યનું ભાથું બાંધે છે. આ પ્રસંગે શુક્રવાર તારીખ ૨૪ મીના રોજ વામન ચારિત્ર, શ્રી રામ પ્રાગટ્ય તથા સાંજે ૬:૩૦ વાગ્યે શ્રી કૃષ્ણ જન્મ (નંદ મહોત્સવ) ના વિવિધ ભવ્ય આયોજનો પણ કરવામાં આવ્યા છે. આ ભાગવત સપ્તાહની મંગલ પૂર્ણાહુતિ સોમવાર તા. ૨૭મી ના રોજ થનાર છે. ત્યારે દરરોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજે ૩:૩૦ થી ૬:૩૦ વાગ્યા સુધી કથા શ્રવણનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## જૂનાગઢની પરિણીતાને રાજકોટ ખાતે રહેતા સાસરીયા દ્વારા ત્રાસ અપાતો હોવાની પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૩ : જૂનાગઢની પરિણીતાને રાજકોટ ખાતે રહેતા સાસરીયાનો ત્રાસ અંગેની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર હાલ જૂનાગઢમાં પિયર સાથે રહેતા નીશાબેન(ઉ.વ.૩૬)ના લગ્ન રાજકોટમાં રહેતા વિશાલ દિપકભાઈ મહેતા સાથે થયેલ પરંતુ લગ્ન જીવનના ૧૫ દિવસ બાદ પતિ વિશાલ મહેતા સાસુ બીનાબેન સહિત સસરા તેમજ દિયરે ઘરનું કંઈ કામ આવડતું નથી તેમજ પૈસાની માંગણી કરી દુઃખત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અવસાન નોંધ

માણાવદર : અરવિંદભાઈ લખમણભાઈ મારડીયા(ઉ.વ.૬૩) તે રીપલના પિતાશ્રી તથા પરસોતમભાઈ અને જગદિશભાઈના ભાઈ તા.૨૨-૧૧-૨૩ને બુધવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૪-૧૧-૨૩ શુક્રવારે સવારે ૮ થી સાંજે ૫ સુધી મકવાણા પરિવારના સુરધનબાપાના કોયલી મંદિરે (તા.વંથલી) મું.કોયલીબાવાની ગામે રાખેલ છે.

રાજકોટ : નર્મદાબેન પ્રભુદાસ રાયચુર(ઉ.વ.૮૮) તે સ્વ.પ્રભુદાસ ગોકળદાસ રાયચુરાના ધર્મપત્ની, સ્વ.નરેન્દ્રભાઈ, સ્વ.કિરીટભાઈ તેમજ માલાબેન સુરેશભાઈ દત્તાણી, હિનાબેન વિનોદકુમાર ઉનડકટના માતૃશ્રી તે સ્વ.મુળજી દેવકરણ રાજાણી (આણંદપર)ના પુત્રીનું તા.૨૦-૧૧-૨૩ના દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તેમજ પિયર પક્ષની સાદડી તા.૨૪-૧૧-૨૩ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ જાગનાથ મહાદેવ મંદિર, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

## ૬૫ વર્ષિય વૃદ્ધાને આત્મહત્યાના વિચારમાંથી ઉગારતી ૧૮૧ મહિલા હેલ્પલાઈન

જૂનાગઢ, તા.૨૩

તાલાલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૬૫ વર્ષના વૃદ્ધ મહિલા ઘરેથી નીકળી આવેલ અને આત્મહત્યા કરવાનુંજણાવતા હોય, જેથી જાગૃત વ્યકિતએ સમજાવવા માટે લીધી ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદ માંગી હતી. તેના અનુસંધાને ૧૮૧ મહિલા હેલ્પ લાઇન ટીમે વૃદ્ધાનુ કાઉન્સેલિંગ કરીને તેમના દિકરાને જાણ કરવામાં આવી હતી.

જૂનાગઢ સીટીમાં કાર્યરત ૧૮૧ મહીલા હેલ્પ લાઈનમાં એક કોલ આવ્યો હતો. જેમાં વૃદ્ધ મહિલા તેમની જાણીતી હોસ્પિટલમાં આવેલ ત્યાં આત્મહત્યા કરી જીવન ટૂંકાવાની વાત કરતા હતા. જેથી વૃદ્ધાની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પ લાઈન પર કોલ કરવામાં આવ્યો હતો.

આમ, આ જાણથતા તુરંત ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ટીમના ફરજ ઉપરના કાઉન્સેલર અરુણાબેન કોલડીયા તથા મહિલા પોલીસ ઉજાલાબેન ખાણીયા સહિતની ટીમ સ્થળ પર પહોંચી વૃદ્ધાને મળેલ અને કાઉંસેલિંગ કરી મેન્ટલી સપોર્ટ આપ્યો હતો. કાઉંસેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે, વૃદ્ધાની ઉંમર ૬૫ વર્ષ હોય તેમને દીકરાની વહુ તથા દીકરો નાની નાની બાબતમા ઝઘડો કરી માનસિક ત્રાસ આપતા હોય અને પતિ પણ તેમને સપોર્ટ કરી વધારે હેરાનગતિ કરતા હોવાથી અને પતિએ પણ ઘરેથી નીકળી જવાનું જણાવેલ હોય. જેથી મન પર લાગી આવતા વહેલી સવારથી ઘરેથી નીકળી જૂનાગઢ આવેલ અને જેથી વૃદ્ધા નું કાઉંસેલિંગ કરી તેમના દીકરાના ફોન નંબર મેળવી જાણ કરવામાં આવી હતી.

## પ્લાસવા ગામે વૃધ્ધાના કાનમાંથી સોનાના વેઢલાની ચીલઝડપ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ તાલુકાના પ્લાસવા ગામ વાડી વિસ્તાર નજીક બનેલા એક બનાવમાં સોનાના વેઢલા કાનમાંથી કાઢી લેવાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે પ્લાસવા ગામે ગ્રોફેડ વાળા રસ્તે વાડી વિસ્તારમાં રહેતા હિરીબેન સવદાસભાઈ ઓડેદરા (ઉ.વ.૬૩)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી બેન પોતાના ઘરના પાછળના ખુણાના ભાગે પાણીના કુંડામાં દુધની ડોલ ધોઈ પરત પોતાના ઘરની આગળના ભાગે જતા હોય તે દરમ્યાન અચાનક એક અજાણ્યો શખ્સ કાળા કલરના લુગડા જેવું ઓઢી આવી હિરીબેનના બંને કાનમાં પહેરલ સોનાના વેઢલા અઢી તોલાના રૂા.૫૦ હજારના કાનમાંથી ખેંચી કાઢી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કુકસવાડા ગામના પ્રગતિશીલ ખેડૂતોએ ધરતીમાતાને ઝહેરથી મુકત કરી પ્રાકૃતિક ખેતી અપનાવી

(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ, તા.૨૩

માળીયા તાલુકાના કુકસવાડા ગામના ખેડૂતોને HDFC BENK અમ્બુજા સિમેન્ટ કલાયમેન્ટ સ્માર્ટ એગ્રીકલ્ચર પ્રોજેકટ માંગરોળ દ્વારા તા : ૨૨/૧૧/૨૦૨૩ બુધવારના રોજ પ્રગતિશીલ ધરતી પુત્રોને એચડીએફસી બેન્કના હેડ રીતીકાબેન સોલંકી તેમજ અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનમાંથી દલસુખભાઈ વઘાસિયા અને કાળુસિંહ મોરીના હસ્તે



(GOPCA) એજન્સીનું સી-૧ સર્ટિફિકેશન (orgenic) આપવામાં આવ્યું તે બદલ એચડીએફસી બેન્ક ક્લાયમેન્ટ સ્માર્ટ એગ્રીકલ્ચર પ્રોજેકટ માંગરોળનો કુકસવાડા ગામ વતિ હૃદય પૂર્વક ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ હતો.

# ગિરનાર લીલી પરિક્રમા આવતા ભાવિકો માટે જીલ્લા વહીવટી તંત્રદ્વારા પ્રથમવાર સીપીઆરની તાલીમ

## અન્નક્ષેત્રના સંચાલકો અને સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકોને ઈમરજન્સીમાં જીવ બચાવવામાં મદદરૂપ થતી સીપીઆરની તાલીમઅપાઈ





જૂનાગઢ, તા.૨૩

હૃદય રોગ, સડન કાર્ડિયાક અરેસ્ટ વગેરેના બનાવો વધ્યા છે. ત્યારે ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન જો આવો કોઈ બનાવ બને તો ભાવિકોનો જીવ કેવી રીતે બચાવી શકાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સજાગતા રાખવામાં આવી છે. આ માટે જિલ્લા સમાહર્તા અનિલકુમાર રાણાવસિયાની પહેલથી પ્રથમ વખત લીલી પરિક્રમા માટેઆવતા યાત્રાળુઓ માટે સીપીઆરની તાલીમ આપવામાં આવી રહી છ્ગ્નજિલ્લા પંચાયત ખાતે ૮૦ જેટલા અન્નક્ષેત્રોના સંચાલકો ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાના લોકોને નિષ્ણાંત ડોકટર ઝઁઈ એટલે કે કાર્ડીઓ પલ્મોનરી રીસસીટેશનની તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમ લોકોના જીવ બચાવવા માટે ખૂબ કરાગર છે. હૃદય અને મગજ વચ્ચે સંતુલન ખોરવાઈ, હૃદયને લોહી મળતું બંધ થાય, સ્વાસ કે હ્યદયના ધબકાર બંધ થાય તેવી સ્થિતિમાં હૃદયને ફરી શરૂ કરવા માટે સીપીઆરની તાલીમ લોકોના જીવ બચાવવામાં કામ લાગે છે.

કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું કે, હૃદય રોગના બનાવો વધ્યા છે. ત્યારે આ સ્થિતિને ધ્યાનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ફરજ ઉપરના અધિકારીઓ ઉપરાંત અન્નક્ષેત્ર અને સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકોને સીપીઆરની તાલીમ આપવાનું નક્કી કર્યું. જેથી ઈમરજન્સી સ્થિતિ સર્જાય તો તાત્કાલિક લોકોનો જીવ બચાવી શકાય. કલેકટરે અન્નક્ષેત્રના સંચાલકો સાથે સંવાદ સાધી તેમની રજૂઆતો પણ સાંભળી હતી. આ સાથે કલેકટરે અન્નક્ષેત્રના સંચાલકોને ભાવિક જ્યાં ભોજન અને પાણી લેશે ત્યાં કોઈ કચરો તથા ગંદકી ન થાય અને એકઠા કરાયેલા કચરાને અન્નક્ષેત્રના પાછળના ભાગમાં રાખવામાં આવે જેથી ભાવિકોપરિક્રમા રૂટ ઉપરથી પસાર થાય ત્યારે સ્વચ્છ માર્ગ અને વાતાવરણ મળી રહે. તેમણે જણાવ્યું કે, લોકોના સહયોગથી આપણા ગિરનારને સ્વચ્છ અને સુંદર જાળવી રાખીશું. ઉપરાંત જો કોઈ આગનો બનાવ સામે આવે તેને કાબુમાં લેવા માટે અગ્નિશામક યંત્ર પણ અન્નક્ષેત્રના સંચાલકોને રાખવાના રહેશે. અન્નક્ષેત્રના સંચાલકોએ સીપીઆરની તાલીમ આપવાની પહેલને આવકારદાયક ગણાવી હતી. આ તાલીમથી ખરા સમયે લોકોના જીવ પણ બચાવી શકાશે.

# જૂનાગઢ જીલ્લામાં આવતીકાલ તા. ૨૪ નવેમ્બરથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ

## આવતીકાલ તા.૨૪મી નવેમ્બરે વંથલીના કણજા અને કણજડી, ભેસાણના બરવાળા અને ખજુરી હડમતીયા, કેશોદના મુવાણા અને રાણીંગપરા તથા માળિયાના પીખોર અને પાણીધ્રામાં વિકસિત ભારત યાત્રાનો રથ પહોંચશે

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ જિલ્લામાં તા.૨૪ નવેમ્બરથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભનો થશે. તા.૨૪મી નવેમ્બરે વંથલીના કણજા અને કણજડી, ભેસાણના બરવાળા અને ખજુરી હડમતીયા, કેશોદના મુવાણા અને રાણીંગપરા તથા માળિયાના પીખોર અને પાણીધ્રામાં વિકસિત ભારત યાત્રાનો રથ પહોંચશે. આ યાત્રા જિલ્લામાં તબક્કાવાર ૪૯૩ ગ્રામ પંચાયતમાં નીકળશે.

આ યાત્રાના માધ્યમથી કેન્દ્ર-રાજય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે પાત્રતા ધરાવતા તમામને આવરી લેવાની તંત્રની નેમ છે. આ માટે ગ્રામ્ય કક્ષાએ પાત્રતા ધરાવતા લોકોને જુદી જુદી યોજનાઓનો લાભ આપવા માટે વિશેષ જનજાગૃતિ ઊભી કરવામાં આવશે. સાથે જ યાત્રા દરમિયાન લાભ મળવાપાત્ર હોય તેવા લાભાર્થીની નોંધણી પણ કરવામાં આવશે. આમ, એક પણ લાભાર્થી કેન્દ્ર-રાજય સરકારનીઓના લાભથી વંચિત ન રહે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની સાથે હેલ્થ કેમ્પ, પશુ સારવાર કેમ્પ, સેવા સેતુ સહિતના પ્રજાકીય પકલ્પોનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ યાત્રા દ્વારા ગ્રામીણ કક્ષાએ આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, દિન દયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ, પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન, કિસાન ક્રેડિટ કાર્ડ ,પ્રધાનમંત્રી પોષણ અભિયાન હર ઘર જલ-જલ જીવન મિશન, સ્વામિત્વ યોજના, જન ધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી પ્રણામ અને નેનો ફર્ટિલાઈઝર યોજના ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# ગુજરાતભરમાં વસતા વઘાસિયા પરીવાર દ્વારા ભવનાથ ખાતે ભવ્યધાર્મિકોત્સવ

## યજ્ઞશાળામાં હોમાત્મક યજ્ઞથી સકળસૃષ્ટીનાં કલ્યાણની પ્રાર્થના



જૂનાગઢ, તા.૨૩

બાબરા તાલુકાનાં નાનકડા વલારડી ગામની સીમમાં દિવ્યધામ ખાતે વેરાઈ માતાનુ દિવ્યજયોત સ્વરૂપ મંદિર વઘાસિયાકુળનાં સુરાપુરા પાતાદાદાની નિશ્રાએ ભાવિકોને આકર્ષિ મનોકામનાં પુર્ણ કરી રહ્યુ છે, દિવ્યધામ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ગુજરાતનાં ૫૯૨ ગામોમાં વસવાટ કરતા લેઉવા પટેલ સમાજનાં વઘાસિયા પરિવારનાં કુટુંબોને એકત્રીત કરવા અને સમાજ કુરીવાજ, સામાજીક ત્યજવા લાયક રૂઢીઓથી મુક્ત બને સમાજમાં વ્યસન અને ફેશન થી થતાં ખર્ચા નીવારી શકાય, દેખા દેખીથી લગ્ન અને દુખદ બાબતોમાં થતાં ખર્ચાઓ બંધ થાય અને વૃક્ષ જતન, જળસંચય, સ્વચ્છતા ત્યાં પ્રભુતાનાં મંત્રને ઉજાગર કરતી જાગૃતિ રથયાત્રા ગામે ગામ ફરીને આખરી પડાવમાં જુનાગઢનાં રાજમાર્ગો પર ફરી હતી. ખલીલપુર ચોકડીથી આંબાવાડી થઈ ઝાંઝરડા મોતીબાગ થઈને આખરે ભવનાથ ખાતે રથયાત્રાએ વીરામ લીધો હતો. પરિક્રમા પથ પર આવેલ શિવનિકેતન આશ્રમ ખાતે માં વૈરાઈની ધર્મધ્વજા સાથે સુરાપુરાની પ્રતીકાત્માતક રણખાંભીને આસ્થા સાથે લોકોએ પુજા અર્ચના કરી હતી. શેરી ગલીઓમાં રંગોળી, સાથીયા પુરી રથને ભારતિય સંસ્કૃતિથી રાસગરબાથી આવકાર આપ્યો હતો. વિસ્તારવાઈઝ જ્યાં રથ રોકાયો ત્યાં ગ્રામ શહેરી જનોએ અગ્રણીઓ, વેપરી મહાજનોએ રથમાં બીરાજતા દૈવી સુરાપુરાની આરતી ઉતારી હતી.

પરિક્રમાનાં નિર્ધારિત દીવસ એટલે કે દેવઉઠી એકાદશીથી સમગ્ર ગુજરાતમાં આવેલ ૫૯૨ ગામોમાં વસતા વઘાસિયા પરીવારનાં ભાવીકજનો ગીરનારની લીલી પરીક્રમા કરી પર્યાવરણ સંવર્ધન, સ્વચ્છતા ત્યાં પ્રભુતા, જળસંચય અને જળસિંચન જાગૃતિ સાથે ભક્તિનું ભાથુ બાંધશે.

અત્રે ઉલ્લેખનિય છે કે વઘાસિયા પરિવાર દ્વારા ભવનાથ તિર્થક્ષેત્રનાં રાજમાર્ગો પર જળસંચય અને સ્વચ્છતાનાં સંદેશ સાથે જળ યાત્રા યોજી હતી. આ યાત્રામાં ગામે ગામથી પધારેલ બહેનો માથે જળકુંભ ધારણ કરી લોકજાગૃતિનો સંદેશો વહેતો કર્યો હતો. ભવનાથ શિવનિકેતન આશ્રમ ખાતે પંચ દિવસ અખંડ માતાજીની યજ્ઞ સ્વરૂપે આરાધના કરવામાં આવી હતી. રોજ રાત્રે સત્સંગ સભા, સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગુજરાતનાં ગામે ગામથી પધારેલ વઘાસિયા કુળનાં લોકો ધર્મમય બન્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મહાનુભાવો, સંતો,રાજકીય અગ્રણીઓ, યાત્રીકો યજ્ઞાશાળામાં પધારી અખંડ યજ્ઞમાં આહુતી અર્પણ કરી હતી.આ તકે પાંચ દિવસ સુધી સૌને અન્નક્ષેત્ર દ્વારા ભાવતા ભોજન પીરસી વઘાસિયા પરિવારે અનોખી મીશાલ કાયમ કરી હતી.

# શરીરના આધારસ્તંભ કરોડરજજુમાં મહત્તમ ભાગમાં ફેલાયેલ ગાંઠ સફળતા પૂર્વક દુર કરી

## યોગ્ય નિદાન અને ચોકકસ સારવાર દર્દીની જીવનની ગુણવત્તા સુધારે છે : ડો.જીગરસિંહ જાડેજા




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૩


તાજેતરમાં રાજકોટની એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલમાં એક ૨૫ વર્ષીય યુવતીને સારવાર અર્થે લાવેલ હતા. આ દર્દીને છેલ્લા ૭ વર્ષથી ચાલવામાં તકલીફ અને પગમાં ખાલી ચડવાની ફરીયાદ હતી.આ તકલીફોમાં છેલ્લા ૧૫ દિવસથીવધારો થતા તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. વોકહાર્ટ હોસ્પિટલના નિષ્ણાંત ન્યુરો અને સ્પાઈન સર્જન ડો.જીગરસિંહ જાડેજાની દેખરેખ હેઠળ આ દર્દીની સારવાર શરૂ કરવામાં આવી.દર્દીના જરૂરી રિપોર્ટસ અને એમ.આર.આઈ. કરતા માલુમ થયુ કે દર્દીના કરોડરજજુમાં ૧૮ સેમી. ની ગાંઠ છે અને એ પણ કરોડરજજુના એલ—૧ થી એસ—૩ સુધીના ભાગમાં ફેલાયેલી છે.જેના કારણે દર્દીના કમરના નીચેના ભાગમાં પણ અસર થયેલ હતી.

આ સર્જરી ન્યુરો મોનીટરીંગ સાથે કરેલ હતી અને સંપુર્ણ ગાંઠ પણ કાઢી લેવામાં આવેલ હતી. આ દર્દીની સફળ સારવાર બાદ કોઈપણ જાતની ખોટખાપણ વગર હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

ડો.જીગરસિંહ જાડેજા એ વધુમાં જણાવેલ હતુ કે, જયારે રોગના શરૂઆતના સમયમાં જ યોગ્ય નિદાનઅને ચોકકસ સારવાર લેવામાં આવે તો રોગને આગળ વધતો અને આક્રામક બનતો અટકાવી શકાય છે અને જયારે રોગના લક્ષણોને અવગણવામાં આવે છે તે ક્ષણથી રોગની આક્રામકતા વધતી જાય છે જેના પરિણામે તે મોટુ સ્વરૂપ લઈ શકે છે અને સારવાર દરમ્યાન પણ દર્દીને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેથી સમયસર નિદાન અને ચોકકસ સારવાર ખુબ જ મહત્વની હોય છે.

# તીર્થધામ બોચાસણ ખાતે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનાં હસ્તે ૨૦ સુશિક્ષિત નવયુવાનોએ ત્યાગાશ્રમ સ્વીકાર્યો






(પ્રતિનિધિ દ્વારા)

બોચાસણ, તા.૨૩

સનાતન હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિમાં ત્યાગાશ્રમનું અનેરૂ મહત્વ છે. સંસારનો ત્યાગ કરી અધ્યાત્મ માર્ગે પ્રયાણ કરનાર અનેક મહાપુરૂષોએ તેમના જ્ઞાન અને કાર્યથી રાષ્ટ્રસેવા અને સમાજસેવા કરતાં-કરતાં પરમ પદની પ્રાપ્તિ કરી છે. પરબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જીવન અને કાર્યથી પ્રેરણા લઈને સાહિત્ય, સંગીત, કાવ્ય અને વિવિધ કૌશલ્યમાં પારંગત અનેક મુમુક્ષુઓ ત્યાગાશ્રમ સ્વીકારી તેઓની સંત પંક્તિમાં જોડાયા હતા. અનેક લોકોને દિવ્ય સત્સંગનો યોગ પ્રાપ્ત થઈને સમાજનો સર્વાંગી ઉત્કર્ષ થાય, એ દિશામાં આ પવિત્ર પરંપરા આજે પણ વિદ્યમાન છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન ગુરૂદેવ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની નિતાંત સાધુતા, ભગવાન પ્રત્યેનીની નિષ્કામ ભક્તિ અને બી.એ.પી.એસ. સંસ્થાની વૈશ્વિક સ્તરે સામાજીક, શૈક્ષણિક અને ચારિત્ર્ય નિર્માણની નોંધપાત્ર સેવાના વિવિધ આયામોથી પ્રેરણા લઈને અનેક સુશિક્ષિત અને ઉચ્ચ કારકિર્દી ધરાવતા યુવાનો પ્રગટ સત્પુરુષની નિશ્રામાં ત્યાગાશ્રમ સ્વીકારી જીવનને સાર્થક કરે છે. આ સાથે ત્યાગાશ્રમ સ્વીકારનાર યુવાનોના માતા-પિતા અને પરિવારજનો પણ ધન્યતા અનુભવે છે. તા.૨૧-૧૧-૨૦૨૩ના સવારે તીર્થધામ બોચાસણ ખાતે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનાં હસ્તે ૨૦ સુશિક્ષિત નવયુવાનોએ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી હતી. સવારે નવ વાગ્યે દીક્ષા નિમિત્તેની મહાપૂજા વિધિ સંપન્ન થઈ હતી. જેમાં દીક્ષા લેનારા યુવાનોની સાથે એમનાં માતા-પિતા તથા પરિવારજનો પણ જોડાયા હતાં. આ દીક્ષા વિધિનો લાભ અનેક મુમુક્ષુઓએ પણ લીધો હતો. લાડકવાયા દીકરાને ભગવાન ભજવાના પંથે પ્રયાણ કરવાની વિદાયના આ પ્રસંગે દીક્ષાર્થી યુવાનોના માતા-પિતા ખૂબ આનંદિત હતા. દીકરાના લગ્ન વખતે જેવી રીતે વરરાજાના માતા-પિતા નવા વસ્ત્રો અને ઘરેણાઓ પહેરીને દીકરાના લગ્નને માણતા હોય એવી રીત આજના આ પ્રસંગને માણી રહ્યા હતા. દીક્ષા ઉત્સવની સભામાં ત્યાગીની દીક્ષા ગ્રહણ કરનાર પુત્રને પગે લાગતા પિતા કે પૌત્રના ચરણોમાં મસ્તક નમાવતા દાદાઓના દર્શન કરીને સૌને અલૌકિક આનંદની અનુભૂતિ થતી હતી. આ સમારોહમાં ભાગવતી દીક્ષા લેવા જઈ રહેલ પાર્ષદોને સદ્ગુરૂવર્ય પૂજ્ય વિવેકસાગરસ્વામીએ કંઠી, ઉપવસ્ત્ર, પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ પાઘ, પૂજ્ય ભક્તિપ્રિય સ્વામી (કોઠારી સ્વામી) એ ભાલ અને બંને હાથે ચંદનની અર્ચા અને પૂજ્ય ડોકટર સ્વામીએ આશીર્વાદ આપ્યાં હતાં અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે 'અક્ષરમ્ અહં પુરૂષોત્તમ દાસોસ્મિર' અર્થાત્ કે,'અક્ષર એવો હું પુરુષોત્તમ નો દાસ છું' એ દીક્ષા મંત્ર આપી દીક્ષાર્થી સંતના ભાલપર ચંદનની અર્ચા કરી અંતરનો રાજીપો વરસાવ્યો.આ પ્રસંગે દીક્ષા લેનાર દીક્ષાર્થીઓના માતા-પિતામાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો.

રાજકોટના દિક્ષાર્થી શ્રી અક્ષરભાઈનાં માતૃશ્રી શ્રીમતી રસીલાબેન મનજીભાઈ પરસાણાએ જણાવ્યું હતું કે, "મારા એક સુપુત્રએ ૨૦૧૨માં દીક્ષા લીધી હતી અને આ બીજા પુત્રને સ્વામીશ્રીના ચરણે સમર્પિત કરૂ છું, મને એનો અતિશય આનંદ છે કે એ પાંચ પંદર વ્યક્તિના પરિવાર નો જ નહિ પરંતુ સમગ્ર વિશ્વ એનું હવે પરિવાર છે.'' આ દીક્ષા લેનારા યુવાનોમાં અભ્યાસકીય રીતે જોઈએ તો ૧ યુવાન ડોક્ટર, ૧ યુવાન પી.એચ.ડી., ૩ યુવાનો પોસ્ટ ગ્રેજ્યુએટ, ૧૧ યુવાનો એન્જિનિયર, ૪ યુવાનો અન્ય વિષયોના ગ્રેજ્યુએટ છે. એક યુવાન શ્રી ઉર્વીશભાઈ ડોક્ટર થયેલ છે. તેઓ ખૂબ સુખી પરિવારમાંથી આવે છે. જામનગરના શ્રી જિજ્ઞેશભાઈ પી.એચ.ડીની પદવી ધરાવે છે. રાજકોટના શ્રી અક્ષરભાઈ સંસ્કૃતમાં એમ.એ.ની ડિગ્રી ધરાવે છે. વળી તેઓ એ અમેરિકાની વિખ્યાત હાર્વર્ડ યુનિ.માંથી રિલીજીયન વિષયક એક વર્ષ સુધી અભ્યાસ કર્યો છે. અધ્યાત્મ સાધનાની સાથે સાથે આ યુવાન સંતો સદાચાર અને વ્યસનમુક્તિ જેવી અનેક પ્રકારનાં સામાજિક સેવાઓના કાર્યમાં જોડાશે. આ યુવાનોએ અભ્યાસ દરમિયાન પ્રાપ્ત કરેલ જ્ઞાન તથા તેની રસ અને રૂચિ મુજબ તેમને વિવિધ પ્રકારની સેવાઓ સોંપવામાં આવે છે. સાધુની દીક્ષા લેનારા આ યુવાન સંતો માટે બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, સારંગપુર ખાતે સંત તાલીમ કેન્દ્ર પણ ચાલે છે. જ્યાં તેઓ સેવા, શિક્ષણ અને સંયમના પાઠ શીખે છે. આ સંતો સત્સંગ દ્વારા માનવકલ્યાણનું કાર્ય કરી શકે તે માટે તાલીમકેન્દ્રમાં અધ્યાપક સંતો દ્વારા વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. તાલીમાર્થી સંતો સનાતન ધર્મના શાસ્ત્રોનો ઊંડાણ પૂર્વક તલસ્પર્શી અભ્યાસ કરે છે. સાથે સાથે મેનેજમેન્ટનાં પાઠ પણ શીખે છે. દીક્ષા મહોત્સવની મુખ્યસભામાં દીક્ષાર્થી યુવાનોના પિતાશ્રીઓને સંસ્થાના વરિષ્ઠ સંતો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ મહિલાઓ દ્વારા દીક્ષાર્થી યુવાનોના માતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ દીક્ષા પ્રસંગે આશીર્વાદ આપતા પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે જણાવ્યું હતું, "સૌ પ્રથમ દીક્ષા લેનાર સાધકના માં બાપ ને ધન્યવાદ છે. બધું અપાય પરંતુ દિકરા ન અપાય. અત્યારે ૧૧૯૫ સંતો થયા. આગળ ખૂબ વધશે."

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કહેવાતા જન આંદોલનો ઉપરથી લોકોનો વિશ્વાસ ઉઠી ગયો છે

કોઈપણ સમસ્યા હોય ત્યારે લોકો જો એમ કહેતા હોય કે 'આના વિરૂધ્ધ કોઈ આંદોલન કેમ નથી કરતું? કોઈ નેતા કેમ આગળ નથી આવતા?' તો આ કુંઠાગ્રસ્ત સમાજની પ્રતિક્રિયા નહીં, પરંતુ જન આંદોલનના ફળથી ઘાયલ અને છેતરાયેલા સમાજના આઘાતની અભિવ્યક્તિ છે. શાસનની લોકતાંત્રિક વ્યવસ્થાને તેના માટે અન્ય વ્યવસ્થાઓની તુલનામાં સારા માનવામાં આવ્યા, કારણ કે તેમાં જનતાને શાસન બદલવા અને શાસન વિરૂધ્ધ પોતાનો અવાજ ઉઠાવવાનો મૌલિક અધિકાર મળેલો છે. ભારતના બંધારણ નિર્માતાઓએ બંધારણની કલમ-૧૯માં લોકોને અભિવ્યક્તિની આઝાદી, શાંતિપૂર્વક સંમેલન, સંઘ બનાવવા વગેરેના અધિકાર આપ્યા છે. છતાં કોઈ મોટું આંદોલન ઊભું નથી થતું તો દોષ જનતાનો નથી. કેટલાંક આંદોલનો અને નેતાઓએ તેના વિશ્વાસની હત્યા કરી છે. દેશની સ્વતંત્રતા અને લોકતંત્રની સ્થાપના માટે ચાલેલા રાષ્ટ્રવ્યાપી આંદોલનનું શ્રેય કોંગ્રેસ અને ગાંધીજીને આપવામાં આવે છે. લાંબા સંઘર્ષ અને હજારોના બલિદાનોનું જ પરિણામ હતું કે ૧૯૪૭માં દેશ આઝાદ થયો, પરંતુ શું કોંગ્રેસમાં લોકતંત્ર હતું? ચૂંટાયેલા નેતા સુભાષ ચંદ્ર બોઝે કેમ રાજીનામું આપવું પડ્યું કે પછી સરદાર પટેલ દેશના પ્રથમ વડાપ્રધાન કેમ ન બની શક્યા? જ્યારે પણ તેની ચર્ચા થશે તો કોંગ્રેસ અને ગાંધીજીની ભૂમિકા પર પ્રશ્ન તો ઊભા થશે જ! આઝાદીના આંદોલન દરમ્યાન જ નહીં, બલ્કે આઝાદી બાદ પણ કોંગ્રેસ પરિવારવાદ અને લોકતંત્રની હત્યા, ચૂંટાયેલી સરકારનોને બરખાસ્ત કરવા અને ૧૯૭૫માં કટોકટી થોપવાના આરોપથી મુક્ત ન થઈ શકે.

ભારતની આઝાદીના આંદોલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છાત્ર-યુવાઓની હતી, પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે નિરંકુશ સત્તા પર નિયંત્રણ રાખનારી આ છાત્ર-યુવા શક્તિને 'રાજનીતિથી દૂર રહો' એવા પાઠ ભણાવવામાં આવ્યા. છાત્ર-યુવા યથાસ્થિતિવાદનો વિરોધી તથા જલ્દી સંગઠિત થનારો વર્ગ છે. ક્રાંતિ તેના સ્વભાવમાં છે. તેનાથી પક્ષીય રાજનીતિથી ઉપર ઉઠીને રાષ્ટ્રીય રાજનીતિમાં પોતાની ભૂમિકા નિભાવવી અપેક્ષિત છે, પરંતુ 'કેરિયર'ની લાલચમાં તે પોતાના રાષ્ટ્રીય દાયિત્વથી વિમુખ થતો ગયો. દેશમાં વધી રહેલા ભ્રષ્ટાચાર અને નિરંકુશવાદ વિરુદ્ધ સડકો પર આગળ આવવામાં તેને વર્ષો લાગી ગયાં. આઝાદી બાદ વર્ષ ૧૯૭૪માં લોકનાયક જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં બિહારમાં આંદોલન ચાલ્યું. આઝાદીના આંદોલનના ગર્ભથી નીકળેલી કોંગ્રેસ ઉપર ભ્રષ્ટાચાર નિરંકુશવાદના આરોપ લાગવા માંડ્યા હતા. ૧૯૭૫માં ઈન્દિરા ગાંધી પર જ્યારે ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો, ત્યારે ન માત્ર તેમણે રાજીનામું આપવાનો ઈનકાર કરી દીધો, બલ્કે દેશમાં કટોકટી લાદીને વિરોધને કચડી નાખવાનો અસફળ પ્રયાસ પણ કર્યો. 'કોઈ નૃપ હોય હમેં કા હાનિ' આ કુંઠાને તોડવા માટે ૧૯૭૪માં બિહારમાં છાત્ર આંદોલનની શરૂઆત થઈ. ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારી, શિક્ષણમાં પરિવર્તન, ચૂંટણી પદ્ધતિમાં સુધાર વગેરે જનસમસ્યાઓને લઈને શરૂ થયેલ આંદોલનથી ડરેલી કોંગ્રેસ સરકારી દમન અને હિંસાનો સહારો લીધો. છાત્રો દ્વારા શરૂ કરવામાં આવેલ આ આંદોલનને જયપ્રકાશ નારાયણનું નેતૃત્વ મળ્યું તથા આમ જનતાનો સહયોગ. છાત્ર આંદોલન વ્યવસ્થા પરિવર્તનની માંગને લઈને રાષ્ટ્રવ્યાપી બન્યું. કટોકટી બાદ ૧૯૭૭ની સંસદીય ચૂંટણીમાં કોંગ્રેસે પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો. સત્તા પરિવર્તન બાદ સત્તાની બંદરબાંટ એટલે કે જનતા પાર્ટીની પરસ્પર લડાઈએ જનતાને બીજી વખત નિરાશ કરી. ૧૯૮૦માં ઈન્દિરા ગાંધીની સત્તામાં ફરી વાપસી થઈ ગઈ. એ આંદોલનના નેતા રહેલા લાલુ પ્રસાદ ૧૯૯૦માં બિહારના મુખ્યમંત્રી બન્યા. પશુપાલન ચારા કૌભાંડમાં ૧૯૯૭માં જેલમાં જતી વખતે તેમણે પોતાની પત્ની રાબડી દેવીને મુખ્યમંત્રી બનાવી દીધાં. એ ચર્ચા ખુલ્લેઆમ થતી હતી કે જેલમાંથી જ તે પોતાની સરકાર ચલાવી રહ્યા છે. હા, તેમણે પોતાના પદ પરથી રાજીનામું અવશ્ય આપી દીધું હતું, પરંતુ જે કોંગ્રેસ પર તે ભ્રષ્ટાચાર અને પરિવારવાદનો આરોપ લગાવી રહ્યા હતા તેમાં જ તેઓ આકંઠ ડૂબી ગયા. ૨૦૦૫માં તેમની સરકાર ચાલી ગઈ. ૨૦૧૦માં તો તેમના પક્ષને વિધાનસભામાં માન્યતા પ્રાપ્ત વિપક્ષ માટે જેટલી સીટો જોઈએ એટલી પણ ન મળી, પરંતુ ૨૦૧૫ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટી ન માત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી, બલ્કે સત્તાનો હિસ્સો પણ બની.

૧૯૭૪ના ૩૭ વર્ષ બાદ એપ્રિલ, ૨૦૧૧માં લોકપાલ કાયદાની માંગને લઈને અન્ના હજારેએ દિલ્હીમાં આમરણાંત અનશન શરૂ કર્યું. એ આંદોલને દેશના જનમાનસને ફરીથી આંદોલિત કર્યું. ઓછા સમય માટે પણ એ આંદોલનને રાષ્ટ્રવ્યાપી સમર્થન મળ્યું. હાલમાં દિલ્હી અને પંજાબમાં સત્તારૂઢ પાર્ટી 'આપ' અને તેના નેતા અરવિંદ કેજરીવાલ પોતાને લોકપાલ આંદોલનની ઉપજ ગણાવે છે. હવે તેમના ઉપર જ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાનો આરોપ લાગ્યો છે. તેમના મંત્રી-સાંસદો હાલમાં જેલમાં હવા ખાય છે અને ખુદ મુખ્યમંત્રી કેજરીવાલની પણ ધરપકડના ભણકારા વાગે છે. તેમની પાર્ટીના પ્રવક્તા કહી રહ્યા છે કે 'ધરપકડ બાદ પણ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પોતાના પદ પરથી રાજીનામું નહીં આપે. સરકાર જેલમાં રહીને ચલાવશે.'

મહાત્મા ગાંધીના નેતૃત્વમાં ચાલેલા આંદોલનથી નીકળેલી કોંગ્રેસ, જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં ચાલેલા આંદોલનથી નીકળેલા લાલુ પ્રસાદ અને તેમના પક્ષ રાજદ તથા અન્ના હજારેના આંદોલનથી નીકળેલા કેજરીવાલ અને તેમના પક્ષ આપના હાલ 'આંદોલનોને મળેલા જનસમર્થન' પર પ્રશ્નાર્થ ચિહ્ન લગાવે છે. એ વિટંબણા જ છે કે જે લાલુ, નીતિશ અને કેજરીવાલ કોંગ્રેસ વિરુદ્ધ ઊભા થયા, તેઓ આજે તેનો જ પાલવ પકડી રહ્યા છે. એની રાહ જોવાશે કે શું ભવિષ્યમાં કોઈ ગાંધી, જયપ્રકાશ કે અન્ના હજારે સમાજના વિશ્વાસને બહાલ કરી શકશે?

# ગુજરાતને આગામી ડિસેમ્બર માસ સુધીમાં નવા ૪ ડ્રીમ પ્રોજેક્ટની ભેટ મળશે

## દ્વારકાનો સિગ્નેચર બ્રિજ, સુરત ડાયમંડ બુર્સ, સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ અને રાજકોટ એઈમ્સ લગભગ તૈયાર



ગાંધીનગર,તા.૨૩

ગુજરાતને આગામી ડિસેમ્બર માસ સુધીમાં નવા ૪ ડ્રીમ પ્રોજેક્ટની ભેટ મળી શકે છે. ગુજરાતના આ ૪ મુખ્ય પ્રોજેક્ટનું કામ પૂર્ણ થવાના આરે છે. જેમાં દ્વારકાનો સિગ્નેચર બ્રિજ, સુરત ડાયમંડ બુર્સ, સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ અને રાજકોટ એઈમ્સ લગભગ તૈયાર છે. હવે આ ચારેય પ્રોજેક્ટ આગામી ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં ખુલ્લા મૂકવામાં આવે તેવી સંભાવના છે. ઓખા- બેટ દ્વારકા સિગ્નેચર બ્રિજ લગભગ તૈયાર થઈ ગયો છે. હવે કરોડોના ખર્ચે આ બ્રિજનું નિર્માણ થતાં લોકો આ બ્રિજથી કાર કે અન્ય વાહનો લઈને બેટ દ્વારકા પહોંચી શકશે. ડાયમંડ નગરી ગણાતા સુરતમાં બનેલ ડાયમંડ બુર્સએ ન માત્ર સુરતનું પરંતુ આખા ગુજરાતનું શાન બન્યું છે. મેગા સિટી અમદાવાદમાં ૩૫૦ કરોડના ખર્ચે થયેલ થઈ રહેલ સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબને આખરી ઓપ અપાઈ રહ્યો છે. અહીં હોટલ-રેસ્ટોરન્ટ, મોલ અને ટેરેસ ગાર્ડન જેવી અનેક સુવિધાઓ છે. અહીંથી મ્ર્ીજી, મેટ્રો અને રેલવેની મુસાફરી કરી શકાશે. આ સાથે ૧૨૦૦ વાહનો પાર્ક થઈ જાય તેવું પાર્કિંગ પણ બનાવાયું છે. રાજકોટમાં તૈયાર થઈ રહેલ એઈમ્સનું કામ પણ હવે પૂર્ણ થવા આવ્યું છે. મહત્વનું છે કે આ ચારેય મહત્વનના પ્રોજેક્ટનું ડિસેમ્બરના અંત સુધીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થઈ શકે છે. સુરતનું ડાયમંડ બુર્સ આજથી ધમધમતું થયું છે. એક સાથે ૧૩૫ ઓફિસમાં વેપારના શ્રી ગણેશ થયા. ૧૩૫ હીરા વેપારીમાંથી ૨૬ વેપારીઓએ મુંબઈ ઓફિસ કાયમી બંધ કરી. આ વેપારીઓ ટૂંક સમયમાં મુંબઈથી સુરત શિફ્ટ થઈ જશે. ૨૦ નવેમ્બરે બુર્સની અંદર બેંકનું ઉદ્ઘાટન કરી કામગીરી શરૂ થઈ હતી. ૧૭ ડિસેમ્બરે પ્રધાનમંત્રી મોદી ડાયમંડ બુર્સનું વિધિવત ઉદ્ઘાટન કરાવશે. દશેરાના દિવસે ૯૮૩ ઓફિસોમાં કુંભઘડાનું સ્થાપન થયું હતું. ત્યાર પછી છેલ્લા એક મહિનાથી રોજ ૨૦થી ૨૫ ઓફિસમાં કુંભઘડાનું સ્થાપન થઈ રહ્યું છે. આ ઓખા-બેટ દ્વારકાને જોડનારો સિગ્નેચર બ્રિજ એ ગુજરાતના ઐતિહાસક અને પ્રવાસનની દ્રષ્ટિએ ખુબ જ મહત્વપૂર્ણ છે. જે કહેવાય છે કે પીએમ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ પણ છે. આ ઓખા બેટ દ્વારકા સી બ્રિજને સિગ્નેચર બ્રિજ નામ અપાયુ છે. આ બ્રિજ બનાવવા પાછળનું કારણ પણ એ છે કારણકે લોકોને જ્યારે બેટ દ્વારકા જવું હોય તો ફેરી બોટમાં જ જવું પડતું હતું. પ્રવાસની સમસ્યાઓને ઘટાડવા અને સુવિધાયુક્ત પરિવહન મળી રહે તે હેતુથી આ બ્રિજન બનાવવા માટે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. અંદાજે ૯૭૮ કરોડના ખર્ચે આ બ્રિજ બની રહ્યો છે. ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ૨૩૨૦ મીટરની લંબાઈના આ બ્રિજનું નિર્માણ ચાલી રહ્યું છે. દરિયાઈ બાર્જ ક્રેનથી ૩૮ પિલર ઉભા કરાયા છે.માર્ચ ૨૦૧૮માં કામગીરી શરૂ થઈ અને અત્યાર સુધીમાં ૯૨ ટકા ભૌતિક કામગીરી પૂરી કરાઈ છે. બ્રિજની લંબાઈ ૨૩૨૦ મીટર હશે જ્યારે ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ હશે. ઓખા અને બેટદ્વારકા બંને બાજુ થઈને ૨૪૫૨ મીટર જેટલો એપ્રોચ રોડ બનાવવામાં આવશે. બ્રિજના મુખ્ય ગાળાની લંબાઈ ૫૦૦ મીટર છે જે ભારતમાં સૌથી વધુ લંબાઈ ધરાવતો ગાળો છે. વાહનો પાર્ક કરવા માટે ઓખા બાજુ પાર્કિંગ બનાવવામાં આવશે. બ્રિજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઉંચાઈ ધરાવતા બે પાયલોન છે. ફોર લેન બ્રિજની પહોળાઈ ૨૭.૨૦ મીટર છે. જેમાં બંને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ બનાવવામાં આવશે. ફૂટપાથ પર લગાવવામાં આવેલા સોલાર પેનલથી ૧ મેગાવોટ વીજળી ઉત્પાદન થશે. જેનો ઉપયોગ બ્રિજ પરની લાઈટિંગ માટે કરાશે. વધારાની વીજળી ઓખા ગામને પૂરી પડાશે. ૧૨ લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યૂ ગેલેરી રખાશે. રાત્રિ દરમિયાન ડેકોરેટીવ લાઈટિંગની પણ વ્યવસ્થા કરાશે. ગુજરાત અને તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર માટે આ અતિ મહત્વનો પ્રોજેક્ટ છે. થોડા સમય પહેલા જ્યારે કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાએ તૈયાર થઈ રહેલી એમ્સની મુલાકાત લીધી હતી ત્યારે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે ૨૦૧૪માં મોદીજીએ દરેક રાજ્યમાં એક એમ્સ બને તેવો સંકલ્પ કર્યો હતો. હાલ દેશભરમાં ૧૬ એમ્સનું કામ ચાલુ છે. રાજકોટમાં પણ એમ્સનું કામ ઘણું ઘરું પૂરું થયું છે. જો કે આ નવનિર્માણ પામી રહેલી એમ્સ હોસ્પિટલમાં ઓપીડી શરૂ થઈ ગઈ છે. રાજકોટ એમ્સ ફૂલ ફલેજમાં કાર્યરત થતા આવનારા દિવસોમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના દર્દીઓએ હવે ગુજરાત બહાર જવું પડશે નહીં. તમામ સુવિધાઓ એમ્સ હોસ્પિટલમાં જ મળી રહેશે. અત્રે જણાવવાનું કે રાજકોટ એ સૌરાષ્ટ્રનો અતિ મહત્વનો વિસ્તાર ગણવામાં આવે છે. આ ૭૫૦ બેડની હોસ્પિટલ હશે જે મલ્ટી સ્પેશિયાલીટીવાળી હશે, તદઉપરાંત સુપરસ્પેશિયાલીટી ડિપાર્ટમેન્ટ્સ પણ હશે. પ્રોજેક્ટ હેઠળ બાંધકામ ખર્ચ અંદાજિત ૧૧૯૫ કરોડ રૂપિયા છે. ગુજરાત સરકારે આ પ્રોજેક્ટ માટે ૨૦૧ એકર જમીન ફાળવેલી છે. પીએમ મોદી એમ્સનું ઉદ્ઘાટન કરે તેવી શક્યતા છે. સાબરમતી ઊઁજીઇ સ્ટેશન સાબરમતીના બે ભારતીય રેલ્વે સ્ટેશનો (જીૈ અને જીર્) વચ્ચેના રેલ્વે યાર્ડમાં આવેલું છે, બે મેટ્રો સ્ટેશન અને મ્ર્ીજી સ્ટોપની નજીક છે.સાબરમતી ઊઁજીઇ એ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરનું ટર્મિનલ સ્ટેશન છે, દ્વઊઁજીઇઝ્ર તેને પ્રદેશમાં મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવાની યોજના ધરાવે છે જે ઊઁજીઇ લાઈનને ભારતીય રેલ્વે, મેટ્રો સ્ટેશન અને બસ રેપિડ ટ્રાન્ઝિટ (મ્ઇ) સાથે જોડશે. .સિસ્ટમ, સરળ પરિવહન માટે ટૂંકી ચાલમાં સ્થિત છે. ચએસઆર સ્ટેશનની આસપાસના વિવિધ ટ્રાન્સપોર્ટ મોડ્સ વચ્ચે સીમલેસ કનેક્ટિવિટી અને એકીકરણ પ્રદાન કરવા માટે, સાબરમતી એચએસઆર સ્ટેશનની પૂર્વ બાજુએ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ બિલ્ડિંગનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ત્રણ ફૂટ ઓવરબ્રિજ (એફઓબી) છે જે પ્રવાસીઓથી સજ્જ હશે. આ ર્દ્બં હબ બિલ્ડિંગને સાબરમતી એચએસઆર સ્ટેશન, સાબરમતી રેલવે સ્ટેશન, મેટ્રો સ્ટેશન અને મ્ર્ીજી સ્ટેન્ડ બંને સાથે જોડશે. હબ બિલ્ડીંગ એક જોડિયા માળખા તરીકે બાંધવામાં આવી રહી છે, જેમાં ઓફિસો, કોમર્શિયલ ડેવલપમેન્ટ અને મુસાફરો માટે રિટેલ આઉટલેટ માટે જગ્યા નિર્ધારિત કરવામાં આવી છે. હબ બિલ્ડીંગ ઊઁજીઇ સ્ટેશન, બંને બાજુના વેસ્ટર્ન રેલ્વે સ્ટેશનો, મેટ્રો સ્ટેશન અને મ્ર્ીજીને ર્દ્બં દ્વારા કનેક્ટિવિટી પૂરી પાડે છે. ર્દ્બં ની વિગતો નીચે મુજબ છે. - હબ બિલ્ડીંગમાં સરળતાથી પહોંચવા માટે, ખાનગી કાર, ટેક્સી, બસ, ઓટો, ટુ વ્હીલર માટે પૂરતી પાર્કિંગ જગ્યા સાથે સમર્પિત પિક અપ અને ડ્રોપ ઓફ બે બનાવવામાં આવ્યા છે. આ એચએસઆર સ્ટેશનની ત્રિજ્યામાં મુસાફરોની સરળ અવરજવર અને ટ્રાફિકને સુનિશ્ચિત કરશે. હબ બિલ્ડિંગમાં મુસાફરો, છૂટક અને રેસ્ટોરાં માટે રાહ જોવાના વિસ્તારો જેવી અન્ય સુવિધાઓ સાથે સમર્પિત કોક્રોર્સ ફલોર (ત્રીજા માળના સ્તરે) છે. - કોક્રોર્સ ફ્લોરની ઉપર બિલ્ડિંગ બ્લોક્સ બે અલગ-અલગ બ્લોક્સ છ અને મ્માં બે સ્તરો પર એકબીજા સાથે જોડાયેલા ટેરેસ સાથે વિભાજિત છે. બ્લોક છમાં ભાવિ ઓફિસ સ્પેસ માટે આરક્ષિત કોક્રોર્સ ઉપર ૯ માળ છે. બ્લોક બીમાં ૪ માળનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં હોટેલની સુવિધાઓ સાથે મીટિંગ રૂમ, બેક્વેટ હોલ, કોન્ફરન્સ રૂમ, સ્વિમિંગ પૂલ, રેસ્ટોરન્ટ વગેરે છે. ભારતીય રેલ્વે અને ઊઁજીઇ વચ્ચે મુસાફરોના આદાનપ્રદાન માટે હબ કોક્રોર્સમાં ભારતીય રેલ્વે માટે ટિકિટ કાઉન્ટર પ્રદાન કરવામાં આવશે. - દાંડી માર્ચ મ્યુરલ -સાબરમતીના ઐતિહાસિક સંદર્ભને માન આપવા માટે, બિલ્ડીંગના દક્ષિણ તરફના ભાગમાં પ્રખ્યાત દાંડી માર્ચ ચળવળને દર્શાવતું એક વિશાળ સ્ટેનલેસ સ્ટીલ ભીંતચિત્ર ઊભું કરવામાં આવ્યું છે. - ગ્રીન બિલ્ડીંગની વિશેષતાઓ-હબને વિવિધ ગ્રીન બિલ્ડિંગ ફીચર્સ સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આમાં છત પર સોલાર પેનલની જોગવાઈ, વિશાળ લેન્ડસ્કેપ ટેરેસ અને બગીચા, ઉર્જા કાર્યક્ષમ એર કન્ડીશનીંગ અને લાઈટિંગ ફિક્સર સાથે કાર્યક્ષમ પાણીના ફિક્સરનો સમાવેશ થાય છે. સમગ્ર બિલ્ડિંગના મોટાભાગના વિસ્તારોમાં પૂરતો કુદરતી પ્રકાશ અને આસપાસના દૃશ્યો છે.

# સોનામાં આવેલી તેજીએ ખરીદારોને વિચારવા મજબૂર કરી દીધા



સુરત,તા.૨૩

તહેવારોની સીઝન પુરી થયા બાદ બજારમાં તેજી યથાવત છે. હવે લગ્નની સીઝન આવી રહી છે ત્યારે લોકો ખરીદી કરવા વિચારી રહ્યા છે પણ સામે સોનામાં આવેલી તેજીએ ખરીદારોને વિચારવા મજબૂર કરી દીધા છે. સુરતમાં ૧૫ જાન્યુઆરીથી લગ્નની સીઝન શરુ થઈ રહી છે. મોટી સંખ્યામાં લગ્ન સમારંભ યોજવા જઈ રહ્યા છે. ભારતમાં લગ્નમાં સોનુ ભેટ આપવાની ખુબ જૂની પરંપરા છે. મંગળવારે સોનુ અને ચાંદી ૫૦૦ રૂપિયા કરતા વધુ ઉછળ્યા હતા. વધતી કિંમતો સામે શું કરવું તે પ્રશ્ન ઉભો થયો છે. લગ્નની મોસમ વચ્ચે બુલિયન માર્કેટમાં સોના-ચાંદીના ભાવ ઝડપથી વધવા લાગ્યા છે. મંગળવારે ૨૪ કેરેટ સોનું ૬૧૫૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની રેન્જમાં પહોંચી ગયું હતું. સોમવારના બંધ ભાવની સરખામણીમાં તે ઘણું મોંઘુ થયું છે. જ્યારે ચાંદી ૬૦૦ રૂપિયા વધીને ૭૩૨૫૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ હતી. સોનું હવે રૂપિયા ૬૧૭૩૯ના સર્વોચ્ચ સ્તરેથી માત્ર થોડું સસ્તું છે. જ્યારે ૫ મેના ઉપલા દરની સરખામણીમાં ચાંદી લગભગ ૩૦૦૦ રૂપિયા સસ્તી છે. આ દર ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન દ્વારા ઈશ્યુ કરવામાં આવે છે. સોના અને ચાંદીના આ દર પર GST અને જ્વેલરી મેકિંગ ચાર્જ લાગુ પડતો નથી. શક્ય છે કે તમારા શહેરમાં સોનું અને ચાંદી ૧૦૦૦ થી ૨૦૦૦ રૂપિયા મોંઘા મળી શકે છે. ૈંમ્નછ અનુસાર, હવે સોનાની કિંમત ૯૯૫ એટલે કે ૨૩ કેરેટ સોનાની કિંમત ૬૧૧૦૬ રૂપિયા થઈ ગઈ છે. તેના પર ૧૮૩૩ રૂપિયાનો ય્જી વસૂલવામાં આવશે. જીએસટી સાથે તેની કિંમત હવે ૬૨૯૩૯ રૂપિયા થઈ ગઈ છે. ૨૨ કેરેટ સોનાની કિંમત આજે ૫૬૧૯૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના દરે ખુલી છે. ત્રણ ટકા ય્જી એટલે કે ૧૬૮૫ રૂપિયા ઉમેર્યા બાદ તેની કિંમત ૫૭૮૮૩ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગઈ છે. ૧૮ કેરેટ સોનાની વાત કરીએ તો આજે તે ૪૬૦૧૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ખુલ્યો છે. આના પર ૧૩૮૦ રૂપિયાનો GST વસૂલવામાં આવશે, ત્યારપછી તમારે ૪૭૩૯૪ રૂપિયા ખર્ચ થશે. ૧૪ કેરેટ સોનું હવે ૩૫૮૯૧ રૂપિયા પર પહોંચી ગયું છે. તેના પર ૧૦૭૬ રૂપિયાનો ય્જી વસૂલવામાં આવશે. તેના ઉમેરા બાદ તેની કિંમત ૩૬૯૬૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થશે. તે જ સમયે, ચાંદી પર જીએસટી હવે ૨૧૯૧ રૂપિયા થશે. જીએસટી સહિત ચાંદીની કિંમત હવે ૭૫૨૩૧ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. આના પર જ્વેલરી મેકિંગ ચાર્જ અને જ્વેલર્સનો નફો હજુ ઉમેરવામાં આવ્યો નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

હસમુખ ચહેરો રોગી માટે એટલું જ સારૂં છે જેટલું કે અનુકૂળ ઋતુ...

- ફ્રેન્કલિન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશી, દેવઉઠી એકાદશી, પંઢરપુર યાત્રા, ભીષ્મ પંચક પ્રારભ, પંચક તા.૨૩ નવેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૯, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, વજ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૧૦, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ સાધરણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની નવિન તક સાંપડે, વડીલવર્ગથી લાભ થાય.
વૃષભ:કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
મિથુન:માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસમાં લાભ થાય.
સિંહ: આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ.વાણીસંયમ જાળવવો.
કન્યા: અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.
તુલા: નાણાંભીડ અનુભવાય. ભાઈ-બહેનસાથે વાક્યયુધ્ધ થાય.
વૃશ્ચિક:અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. મનમાં અશાંતિ રહે.
ધન: પ્રવાસમાં હાનિ. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
મકર: જૂના શત્રુઓનું જોર વધે. સરળ કાર્યો કઠીન બની જાય.
કુંભ: મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય.
મીન: મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.

# બાજરાનાં રોટલાં ખાવ અને ડાયાબીટીસ લેવલમાં રાખો

## ઠંડીની સીઝનમાં બાજરાના સેવનથી શરીરને ઘણા પોષક તત્વો મળે છે



અમદાવાદ,તા.૨૩

દેશના ઘણા વિસ્તારમાં ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. તેવામાં તમારે ખાનપાનમાં ફેરફાર કરવાની જરૂરીયાત છે. ઠંડીના સમયમાં ઘણા રાજ્યોમાં ખાનપાનમાં ફેરફાર પણ જોવા મળતો હોય છે. જેમ કે પંજાબમાં લોકો મકાઈની રોટી અને સરસસના શાકનું સેવન કરે છે. તેવામાં રાજસ્થાનમાં લોકો બાજરાની રોટી, માખણ અને ગોળનું સેવન કરે છે. આ બંને ભોજન ઠંડીમાં સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. આમ પણ શિયાળામાં તમે જેટલી પૌષ્ટિક વસ્તુનું સેવન કરો છો શરીરને એટલી મજબૂતી મળે છે. તેવામાં ઠંડીની સીઝનમાં તમે બાજરાનું સેવન કરી શકો છો. તેનાથી સ્વાસ્થ્યને ફાયદો થશે. બાજરામાં ભરપૂર માત્રામાં પ્રોટીન, ફાઈબર, આયરન અને ફોલેટ વગેરે હોય છે. તેનાથી પાચન શક્તિ મજબૂત રહે છે. તેનાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. બાજરો મોટા અનાજમાં સામેલ છે. તેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ પણ ઓછો હોય છે. તેવામાં તે ડાયાબિટીસના દર્દીઓ માટે કોઈ રામબાણથી ઓછો નથી. તમે બાજરાને રોટલા, દલિયા કે સૂપ તરીકે ઉપયોગ કરી શકો છો. ઘઉં અને મકાઈના મુકાબલે બાજરામાં વધુ ન્યૂટ્રિએન્ટ હોય છે, તે ગ્લૂટેન ફ્રી છે. તેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ૫૪-૬૮ હોય છે. તેમાં ભારે માત્રામાં ડાઈટરી ફાઈબર, પ્રોટીન હાજર હોય છે. આ સિવાય એમીનો એસિડ, વિટામિન્સ અને મિનરલ્સ બ્લડ સુગર લેવલને બેલેન્સ રાખવામાં મદદ કરે છે. શિયાળામાં બાજરો ખાવાથી શરીર ગરમ રહે છે. આ સાથે પાચન પ્રક્રિયાને સારી બનાવવામાં મદદ મળે છે. શિયાળામાં બાજરાનો રોટલો ખાવાથી ઈમ્યુનિટી મજબૂત થાય છે. તેનાથી કબજીયાત અને પેટ ફૂલવાની સમસ્યા દૂર કરી શકાય છે. બાજરાનું સેવન કરવાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. તેના નિયમિત સેવનથી વજન ઘટાડી શકાય છે. બાજરાને લોટના રોટલા દરરોજ ખાવાથી વજન કંટ્રોલ કરી શકાય છે. ચોખાની જગ્યાએ બાજરો મોટાપાથી પરેશાન લોકો માટે ફાયદાકારક છે. બાજરો ખાવાથી આંતરડાનું સ્વાસ્થ્ય પણ સારૂ બનાવવામાં મદદ મળે છે.

## રાજ્યની તમામ સરકારી શાળાઓના ૨ લાખથી વધુ શિક્ષકોને CPR તાલીમ અપાશે

ગાંધીનગર તા.૨૩

શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું છે કે, શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સલામતીને ધ્યાને રાખી રાજ્યની તમામ સરકારી તથા અનુદાનિત પ્રાથમિક શાળાઓના ૨ લાખથી વધુ શિક્ષકોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ આપવામાં આવશે. આ એક દિવસીય તાલીમ બે તબક્કામાં યોજાશે. તા. ૩જી ડિસેમ્બર અને તા.૧૭મી ડિસેમ્બર-૨૦૨૩ના રોજ રવિવારના દિવસે આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતેથી CPR તાલીમનો શુભારંભ કરાવશે.

# વૈશ્વિક અર્થવ્યવસ્થા ઉપર જોખમ : અમેરિકા અને ચીન એપેક સમિટમાં બંને દેશો વચ્ચેના તણાવને ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

વોશિંગ્ટન, તા.૨૩

યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન બે વૈશ્વિક આર્થિક સત્તાઓ છે. સંયુક્ત રીતે તેઓ વિશ્વના સામાન અને સેવાઓના ૪૦ ટકાથી વધુ ઉત્પાદન કરે છે. વોશિંગ્ટન અને બેઈજિંગ આર્થિક સ્પર્ધા કરે છે ત્યારે બાકીનું વિશ્વ પણ પીડાય છે અને હવે આ અઠવાડિયે જો બિડેન અને શી જિનપિંગ મળશે ત્યારે દુર્લભ ઉચ્ચ-સ્તરની સમિટ યોજશે. તેના વૈશ્વિક પરિણામો આવી શકે છે. વિશ્વની અર્થવ્યવસ્થાને યુએસ-ચીન મિટિંગથી ચોક્કસ ફાયદો થઈ શકે છે. ૨૦૨૦થી કોવિડ-૧૯ રોગચાળો, વધતો ફુગાવો, વ્યાજ દરોમાં વધારો, યુક્રેન અને હવે ગાઝામાં હિંસક સંઘર્ષ પછી વૈશ્વિક અર્થતંત્ર આ વર્ષે ૩ ટકા અને ૨૦૨૪માં ૨.૯ ટકાની વૃદ્ધિની અપેક્ષા રાખે છે. કોર્નેલ યુનિવર્સિટીના વેપાર નીતિના વરિષ્ઠ પ્રોફેસર, ઈશ્વર પ્રસાદે જણાવ્યું હતું કે વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે વિવાદ થવાથી વિશ્વના અર્થતંત્રને અસર કરતા વિવિધ ભૌગોલિક રાજકીય નકારાત્મક અસરને વધારે છે. સાન ફ્રાન્સિસ્કોમાં રવિવારથી શરૂ થનારી એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન સમિટમાં વોશિંગ્ટન અને બેઈજિંગ તેમના કેટલાક આર્થિક તણાવને ઓછો કરી શકે છે. આ બેઠકમાં ૨૧ પેસિફિક રિમ દેશો હશે જે વિશ્વના ૪૦ ટકા લોકો અને લગભગ અડધા વૈશ્વિક વેપારનું સામૂહિક રીતે પ્રતિનિધિત્વ કરે છે. તેના સફળ પરિણામની શક્યતા પ્રમાણમાં ઓછી છે. યુએસ-ચીનના આર્થિક સંબંધો ૨૦૧૮ વધુ ખરાબ થયા હતા. ટ્રમ્પ વહીવટીતંત્રે આરોપ લગાવ્યો હતો કે ચીને ૨૦૦૧માં વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં જોડાઈને યુએસ અને અન્ય વિદેશી કંપનીઓ માટે વિશાળ બજાર ખોલવા માટે તેણે કરેલી પ્રતિબદ્ધતાઓનું ઉલ્લંઘન કર્યું હતું. ૨૦૧૮માં ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસ તકનીકી સર્વોચ્ચતાને સ્થાનાંતરિત કરવાના પ્રયાસમાં બેઈજિંગને તેની ક્રિયાઓ માટે સજા કરવા માટે ચાઈનીઝ આયાત ઉપર ટેરિફ લાદવાનું શરૂ કર્યું હતું. બેઈજિંગે ટ્રમ્પના પ્રતિબંધો સામે તેના પોતાના પ્રતિશોધાત્મક ટેરિફ સાથે વળતો પ્રહાર કર્યો, જેનાથી ચીની ખરીદદારો માટે યુએસ માલ વધુ મોંઘો થયો હતો. જ્યારે બિડેને ૨૦૨૧માં પદ સંભાળ્યું, ત્યારે તેણે ચીન ટેરિફ સહિત ટ્રમ્પની સંઘર્ષાત્મક વેપાર નીતિ સાથે ચીનની આયાત ઉપર યુએસ ટેક્સનો દર હવે ૧૯ ટકાથી વધી ગયો છે જે ૨૦૧૮ની શરૂઆતમાં ૩ ટકા હતો. તેવી જ રીતે વેપાર યુદ્ધની શરૂઆત પહેલાં અમેરિકાના માલ ઉપર ૮ ટકાથી ચીની આયાત કર ૨૧ ટકા છે. બિડેનની આર્થિક નીતિના સિદ્ધાંતોમાં એક ચીનના કારખાનાઓ ઉપર અમેરિકાની આર્થિક નિર્ભરતાને ઘટાડવાનો છે અને અન્ય એશિયન રાષ્ટ્રો સાથેની ભાગીદારીને મજબૂત બનાવવાનો હતો. તે નીતિના ભાગરૂપે બાઈડેન વહીવટીતંત્રે ગયા વર્ષે ૧૪ દેશો સાથે સમૃદ્ધિ માટે ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક બનાવ્યું હતું. બેઈજિંગે ચીનમાં વિદેશી કંપનીઓ સામે પણ આક્રમક પગલાં લીધાં છે. તેના સત્તાવાળાઓએ આ વર્ષે યુએસ કન્સલ્ટિંગ ફર્મ્સ કેપવિઝન અને મિન્ટ્ઝ ગ્રૂપની ચાઈનીઝ ઓફિસો ઉપર દરોડા પાડ્યા, બેઈન એન્ડ કંપની કન્સલ્ટન્સીના શાંઘાઈ કર્મચારીઓની પૂછપરછ કરી અને ચિપમેકર માઈક્રોનની સુરક્ષા સમીક્ષાની જાહેરાત કરી હતી. બેઈજિંગ અને વોશિંગ્ટન વચ્ચેના અણબનાવે અન્ય ઘણા દેશો નાજુક પરિસ્થિતિમાં છે. IMF કહે છે કે આ આર્થિક "ફ્રેગમેન્ટેશન" વિશ્વ માટે નુકસાનકારક છે. ૧૯૦-દેશોની ધિરાણ એજન્સીનો અંદાજ છે કે ઉચ્ચ વેપાર અવરોધો વૈશ્વિક આર્થિક ઉત્પાદનમાંથી $7.4 ટ્રિલિયન નુકસાન કરશે. આ અવરોધો વધી રહ્યા છે. ગયા વર્ષે IMFએ જણાવ્યું હતું કે દેશોએ વેપાર ઉપર લગભગ




૩,૦૦૦ નવા નિયંત્રણો લાદ્યા હતા. જે ૨૦૧૯માં ૧,૦૦૦ કરતા ઓછા હતા. એજન્સીએ આ વર્ષે આંતરરાષ્ટ્રીય વેપારમાં માત્ર ૦.૯ ટકા અને ૨૦૨૪માં ૩.૫ ટકા વૃદ્ધિની આગાહી કરી છે. જે ૨૦૦૦-૨૦૧૯ની વાર્ષિક સરેરાશ ૪.૯ ટકાથી વધુ ઘટાડો છે. બિડેન વહીવટીતંત્ર ભારપૂર્વક કહે છે કે તે ચીનની અર્થવ્યવસ્થાને નબળી પાડવાનો પ્રયાસ કરી રહ્યો નથી. તાજેતરમાં ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેન સાન ફ્રાન્સિસ્કોમાં તેના ચીની સમકક્ષ, વાઈસ પ્રીમિયર હી લિફેંગ સાથે મળ્યા હતા અને બિડેન-કઝી સમિટ માટે વાત કરી હતી. યેલેને કહ્યું અમારી પરસ્પર ઈચ્છા અર્થપૂર્ણ અને પરસ્પર ફાયદાકારક આર્થિક સંબંધો બનાવવાની છે. કઝી પાસે પણ યુનાઈટેડ સ્ટેટ્સ સાથે આર્થિક સહયોગ પુર્નઃ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવાનું કારણ છે. ચીનની અર્થવ્યવસ્થા ભારે તાણ હેઠળ છે. તેનું રિયલ એસ્ટેટ માર્કેટ પડી ભાંગ્યું છે, યુવા બેરોજગારી પ્રબળ છે અને ઉપભોક્તાઓ ઓછા છે. વિદેશી વ્યવસાયો ઉપરના દરોડાઓએ આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને રોકાણકારોને ડરાવ્યા છે. જટિલ બાબત એ છે કે વોશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચેનો તણાવ અર્થશાસ્ત્ર અને અન્ય નુકસાન પણ કરે છે. ચીની કમ્યુનિસ્ટ પાર્ટીએ હોંગકોંગ અને શિનજિયાંગના સ્વાયત્ત મુસ્લિમ પ્રદેશમાં અસંમતિ માટે સજા આપી છે. તેમની સરકારે એશિયામાં આક્રમક રીતે ભારત સાથે સરહદ ઉપર અથડામણ કરી છે. અને દક્ષિણ ચીન સમુદ્રના ભાગોમાં ફિલિપાઈન્સ અને અન્ય પડોશીઓ ઉપર દાવો કરે છે. તેણે તાઈવાનને ધમકી આપી છે જેને તે એક સ્વદેશી ચીની પ્રાંત માને છે. આગામી વર્ષે તાઈવાન અને યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રમુખપદની ચૂંટણીઓ સાથે યુએસ-ચીન તણાવ વધુ તીવ્ર બની શકે છે. વિશ્વના અભિપ્રાય મુજબ શીની નીતિઓ ચીનને મોંઘી પડી રહી હોવાનું જણાય છે. વોશિંગ્ટનમાં સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ થિંક ટેન્કના રાજા કૃષ્ણમૂર્તિએ નોંધ્યું કે શી એ પહેલા પણ બદલાવની વાત કરી છે.

# વીજળી અને બળતણ સમાપ્ત થતા ગાઝાની મુખ્ય હોસ્પિટલ દર્દીઓને સેવા આપવામાં સક્ષમ નથી : પેલેસ્ટીની અધિકારી

ગાઝા, તા.૨૩

રામલ્લાહ સ્થિત પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ગાઝાની સૌથી મોટી અલ-શિફા હોસ્પિટલમાં ઈક્યુબેટર્સને પાવર આપતી વીજળી કાપી નાખવામાં આવી હોવાથી ડઝનેક નવજાત શિશુઓ ઉપર મૃત્યુનું જોખમ છે. બે બાળકો મૃત્યુ પામ્યા છે. જ્યારે ૩૭ અન્ય શિશુઓ જોખમમાં હતા. ગાઝામાં હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા અશરફ એકદરાએ પુષ્ટિ કરી છે કે ઈંધણની તંગી અને ઈઝરાયેલના હુમલાના પરિણામે આ તબીબી સંકુલ સેવા આપી શકતું નથી. અલ-શિફા મેડિકલ કોમ્પ્લેક્સના તમામ વિભાગોને બળતણ સમાપ્ત થવાના પરિણામે તેમજ ઈઝરાયેલના હુમલાઓને કારણે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યા છે. તેમણે ચેતવણી આપી હતી કે દર્દીઓ મુખ્યત્વે બાળકો અને ગંભીર આરોગ્યની સ્થિતિમાં રહેલા લોકોના મૃત્યુની સંખ્યામાં વધારો થઈ શકે છે. હોસ્પિટલના ડિરેક્ટર મોહંમ્મદ અબુ સેલ્મિયાએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી હવાઈ હુમલામાં હોસ્પિટલની મુખ્ય ઓક્સિજન સપ્લાઈ લાઈનનો પણ નાશ થયો હતો અને ઘાયલો અને દર્દીઓના જીવન માટે જોખમ છે. વધુમાં ઈઝરાયેલી ડ્રોન તબીબી સંકુલમાં કોઈને પણ નિશાન બનાવી રહ્યા છે જેથી ડોકટરો તબીબી સેવાઓ પ્રદાન કરવામાં અસમર્થ છે. ડોકટર્સ વિધાઉટ બોર્ડર્સ અથવા મેડિસિન સેન્સ ફ્રન્ટિયર્સે કહ્યું કે અલ-શિફા હોસ્પિટલ પરના હુમલા નાટકીય રીતે તીવ્ર બન્યા છે. હોસ્પિટલના અમારા સ્ટાફે અંદર આપત્તિજનક પરિસ્થિતિની જાણ કરી છે. પેલેસ્ટીની સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં પેલેસ્ટીની લડવૈયાઓ સાથે ભારે અથડામણ વચ્ચે ઈઝરાયેલી સેનાએ અલ-શિફા હોસ્પિટલને ઘેરી લીધી છે. સ્થાનિક પ્રત્યક્ષ દર્શીઓએ જણાવ્યું હતું કે તેઓએ ગાઝા શહેરના કેટલાક વિસ્તારોમાં ખાસ કરીને અલ-શિફાની આસપાસના વિસ્તારોમાં ઈઝરાયેલી સૈન્ય દળો અને હમાસની સશસ્ત્ર પાંખ અલ-કાસમ બ્રિગેડ વચ્ચેની હિંસક સશસ્ત્ર અથડામણોથી આગલી રાત્રે મોટા વિસ્ફોટો સાંભળ્યા હતા. એક વીડિયો સ્ટેટમેન્ટમાં હોસ્પિટલની પરિસ્થિતિને સમજાવતા ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF)એ હોસ્પિટલ ઉપર ગોળીબાર અને ઘેરાબંધીનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે હોસ્પિટલની પૂર્વ બાજુ ખુલ્લી હતી. આ નિવેદનમાં ગાઝા માટે IDFના સંકલન અને સંપર્ક વહીવટના વડા મોશે ટેટ્રોએ સ્વીકાર્યું હતું કે હોસ્પિટલની આસપાસ IDF ટુકડીઓ અને હમાસના ઓપરેટિવ્સ વચ્ચે અથડામણ થઈ રહી છે," પરંતુ તેમણે કહ્યું કે કોઈપણ વ્યક્તિ જે હોસ્પિટલ છોડવા માંગે છે તે સલામત સ્થળાંતર સાથે સંકલન કરવા માટે હોસ્પિટલના ડિરેક્ટરનો સંપર્ક કરી શકે છે. ઈઝરાયેલે અગાઉ કહ્યું હતું કે હમાસનું મુખ્ય કમાન્ડ સેન્ટર અલ-શિફા હોસ્પિટલ હેઠળ સ્થિત છે. ૧૯૪૬માં સ્થપાયેલ તબીબી સંકુલ ગાઝા પટ્ટીની સૌથી મોટી આરોગ્ય સંસ્થા છે. તેમાં ત્રણ વિશિષ્ટ હોસ્પિટલોનો સમાવેશ થાય છે અને સમગ્ર સ્ટ્રીપમાં હોસ્પિટલના ૨૫ ટકા કર્મચારીને રોજગારી આપે છે.

## બેવડી ઋતુના કારણે જૂનાગઢમાં રોગચાળાનો ભરડો

જૂનાગઢ, તા.૨૩

રાજ્યમાં હાલ હળવો ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ત્યાં દિવાળીથી લઈ અત્યારે પણ સરકારી હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો છે. જેમાં પણ બેવડી ઋતુના કારણે બીમારીના ભરડામાં મોટી સંખ્યામાં દર્દીઓ સપડાઈ રહ્યા છે. જેની સાથે જ વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જૂનાગઢ શહેરમાં તેમજ જૂનાગઢ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા થોડાં સમયથી વાયરલ ઈન્ફેક્શનના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં જૂનાગઢ સિવિલમાં શરદી ખાંસી તાવ, ઝાડા ઉલ્ટી સહિતના દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. ઉપરાંત વાયરલ ઈન્ફેક્શનના કારણે મેલેરિયાના, ઝેરી મેલેરિયાના તથા ચિકનગુનિયાના પણ સંખ્યાબંધ કેસો નોંધાયા છે.

# ગુજરાતમાં શિયાળામાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી

## ઉત્તર અને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા : ૨૫ અને ૨૬ નવેમ્બરે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૩

હવામાન વિભાગની આગાહી અનુસાર ભરશિયાળે ફરી એકવાર ચોમાસાનો માહોલ સર્જાઈ શકે તેમ છે. એટલે કે ગુજરાતમાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. કમોસમી વરસાદ ફરીથી ગુજરાતને ઘમરોળે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. આ વરસાદની સ્થિતિ આવનારા પાંચ દિવસ બાદ સર્જાશે એટલે કે ૨૫ અને ૨૬ નવેમ્બરે વરસાદની શક્યતાઓ જોવા મળી રહી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ખાસ કરીને ઉત્તર અને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે. આ વરસાદ પાછળનું કારણ વિંડ સ્પીડ અને ટર્ફને ગણાવવામાં આવી રહ્યું છે. કમોસમી વરસાદના કારણે સૌરાષ્ટ્રમાં તાપમાન ધીમે-ધીમે ઘટવાનું અનુમાન કરવામાં આવ્યું છે. આ સાથે ભેજનું પ્રમાણ પણ વધી શકે છે. આ સાથે જ આવનારા પાંચ દિવસ વાતાવરણ સૂકું રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. બીજી તરફ રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો ગગડ્યો છે. રાજ્યના અનેક સ્થળોએ ઠંડીનો ચમકારો જારી રહેવા પામ્યો છે. શિયાળાની શરૂઆત થતાંની સાથે જ રાજ્યમાં અનેક શહેરોમાં તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો છે. આ સાથે આગાહી અનુસાર આગામી ૩ દિવસમાં ઠંડીનો ચમકારો વધે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. રાજ્યમાં ૯ શહેરમાં ૨૦ ડિગ્રીથી નીચું તાપમાન જોવા મળ્યું હતું. નલિયામાં ૧૨.૮ સાથે સૌથી વધુ ઠંડી જોવા મળી છે તો સાથે જ અમદાવાદમાં ૧૮ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૬.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ડીસા, ભૂજમાં ૧૭ ડિગ્રી, વડોદરામાં ૧૭.૮ ડિગ્રી તાપમાન રહ્યું છે. આગામી ત્રણ દિવસમાં હજુ ઠંડીનું પ્રમાણ વધશે. લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા તાપમાન બે ડિગ્રી વધારે જોવા મળી રહ્યું છે. રાજ્યમાં છેલ્લા કેટલાય દિવસથી વહેલી સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હાલ નવેમ્બરના ૨૦ દિવસ પૂરા થયા છે. ત્યારે ઠંડી ધીમી ગતિએ ગિયર બદલી રહી છે.

# પરીક્ષામાં અન્યાય થયાની રજૂઆત સાથે ધોરાજીના યુવકે રાષ્ટ્રપતિ પાસે ઈચ્છા મૃત્યુની માંગણી કરી

અમદાવાદ, તા.૨૩

ધોરાજીના યુવકે પરીક્ષામાં અન્યાય થયા બાબતે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ નહીં આવતા યુવક દ્વારા રાષ્ટ્રપતિ પાસે ઈચ્છા મૃત્યુની માંગ કરતા ભારે ચર્ચા જાગી છે. ધોરાજી ખાતે રહેતા યુવકે ડેપ્યુટી કલેક્ટર મારફતે રાષ્ટ્રપતિ પાસે ઈચ્છા મૃત્યુની પરવાનગી માંગતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે સંકેત મકવાણાએ જેટકો ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટની પરીક્ષામાં અન્યાય થયો હોવાનો આક્ષેપ કર્યો છે. થોડા સમય પહેલાં જૂનાગઢમાં લેવાયેલી જેટકો ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટની પરીક્ષામાં નિયમોનો ભંગ થયો હોવાનો સંકેત મકવાણાએ આક્ષેપ કર્યો છે. ત્યારે આ બાબતે યુવક દ્વારા અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા યુવક દ્વારા ઈચ્છા મૃત્યુની માંગ કરવામાં આવી છે. પરીક્ષાને લઈ યુવક દ્વારા અનેકવાર ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરી હતી. તેમ છતાં પણ કોઈ પરિણામ આવવા પામ્યું ન હતું. તેમજ અગાઉ પણ યુવકે જેટકો વિરુદ્ધ આક્ષેપો કર્યા હતા. જૂનાગઢ ખાતે ફેબ્રુઆરી મહિનામાં અલગ-અલગ પોલ ટેક્સની પરીક્ષા લેવાઈ હતી. તે પોલ ટેસ્ટ પરીક્ષામાં પોલને પગ અડાડવાનું કહેલ જે નિયમ વિરુદ્ધ છે. ત્યારે આ પોલ ટેસ્ટ પરીક્ષામાં અધિકારીઓએ અન્યાય કર્યો હોવાનો આક્ષેપ પણ હતો. હાલ ધોરાજીના આ યુવકે પરીક્ષામાં અન્યાય થયો હોવાના આક્ષેપ સાથે રાષ્ટ્રપતિ પાસે ઈચ્છા મૃત્યુની માંગણી કરી હતી. જો કે, આ મામલે હજુ સુધી ઉચ્ચ અધિકારીઓ તરફથી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી.

# ઈલેક્ટોરલ બોન્ડ્સ ભારતના ઈતિહાસમાં સૌથી મોટું કૌભાંડ છે, મતદાતાને એ જાણવાનો અધિકાર છે કે પાર્ટીઓને ફંડ કોણ આપી રહ્યું છે : કપિલ સિબ્બલ


નવી દિલ્હી તા.૨૩

વરિષ્ઠ વકીલ અને રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે તાજેતરમાં પીઢ પત્રકાર નિધિ રાઝદાન સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ચૂંટણી બોન્ડ યોજના કદાચ દેશના ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ છે અને આ યોજનાનો સમગ્ર હેતુ સત્તાધારી રાજકીય પક્ષને સમૃદ્ધ કરવાનો છે. તેમણે આ યોજનાને લોકશાહી અને ચૂંટણી પ્રણાલીનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે આ પ્રકારની સિસ્ટમ હેઠળ ચૂંટણી ક્યારેય મુક્ત કે નિષ્પક્ષ બની શકે નહીં. ૨જી નવેમ્બરના રોજ, સર્વોચ્ચ અદાલતે અનામી ચૂંટણી બોન્ડ યોજના માટે માર્ગ મોકળો કરતા નાણાં અધિનિયમ, ૨૦૧૭ દ્વારા રજૂ કરાયેલા સુધારાને પડકારતી અરજીઓના બેચમાં તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. ભારતના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ સંજીવ ખન્ના, બીઆર ગવઈ, જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બંધારણીય બેંચે ત્રણ દિવસ સુધી આ મામલે સુનાવણી કરી હતી. સિબ્બલે ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેઓ સામાન્ય રીતે એવા કિસ્સાઓ ઉપર બોલતા નથી જેમાં તેમણે કોર્ટમાં દલીલ કરી હોય, જો કે, આ પહેલીવાર છે કે જ્યારે મેં દલીલ કરી હોય તેવા મુદ્દાના સંદર્ભમાં હું ખરેખરં ઈન્ટરવ્યુ આપી રહ્યો છું. હું સામાન્ય રીતે આવું કરતો નથી અને તેમ છતાં હું માનું છું કે આ એટલો મહત્ત્વપૂર્ણ મામલો છે કે મારે દેશ સમક્ષ તથ્યો મૂકવાની જરૂર છે. સિબ્બલે કહ્યું કે આ યોજના શાસક પક્ષને ભંડોળ પૂરૂ પાડવા માટે અમલમાં લાવવામાં આવી હતી, જેનાથી તે દેશનો સૌથી ધનિક પક્ષ બની ગયો હતો. તેમણે કહ્યું કે 'ઈલેક્ટોરલ બોન્ડ્સ' નામ ખોટુ નામ છે, કારણ કે તેને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે સમજાવ્યું કે આ યોજના પાછળનો વાસ્તવિક ઉદ્દેશ્ય પક્ષને ભંડોળ આપવાનો છે. એટર્ની જનરલે ઈલેક્ટોરલ બોન્ડ કેસમાં કોર્ટ સમક્ષ દાખલ કરેલા નિવેદનમાં એવી રજૂઆત કરી હતી કે નાગરિકોને રાજકીય પક્ષના ભંડોળ અંગે બંધારણની કલમ ૧૯(૧)(a) હેઠળ માહિતી મેળવવાનો અધિકાર નથી. જ્યારે રાઝદાનને કેન્દ્ર દ્વારા લેવામાં આવેલા આ વલણ વિશે પૂછવામાં આવ્યું ત્યારે સિબ્બલે કહ્યું કે આ એક ભ્રામક નિવેદન છે. જો તમે ૨૦,૦૦૦ રૂપિયાથી વધુનું દાન કરો છો, ચૂંટણી બોન્ડ દ્વારા નહીં, તો જનતાને જાણવાનો અધિકાર છે. વિસંગતતા જુઓ. જો તમે ચૂંટણી બોન્ડ દ્વારા કંઈક દાન કરો છો, જે ૧,૦૦૦ રૂપિયા ૧૦,૦૦૦ રૂપિયાથી એક કરોડ રૂપિયા સુધીનું હોઈ શકે છે, તો તમે તે ચૂંટણી બોન્ડ દ્વારા કરી શકો છો અને જનતાને ખબર નહીં પડે. પરંતુ જો તમે તે ચૂંટણી બોન્ડ દ્વારા ન કરો તો જનતાને જાણવાનો અધિકાર છે કારણ કે ૨૦,૦૦૦ રૂપિયાથી વધુની કોઈપણ વસ્તુ જાહેર કરવી પડશે. તો એનો તર્ક શું છે ? બીજેપીને ખબર છે કે આટલા બધા પૈસા તેમની પાસે આવશે, આ રીતે તેઓ આ દેશમાં ચૂંટણીને નિયંત્રિત કરી રહ્યા છે. રાઝદાને ધ્યાન દોર્યું કે સ્કીમની તરફેણમાં દલીલ એ હતી કે અનામીતા એ સુનિશ્ચિત કરશે કે કોઈ ચોક્કસ પક્ષને દાન ન આપનારાઓ સામે કોઈ વેર નહીં લેવાય, સિબ્બલે તેને બોગસ દાવા તરીકે ફગાવી દીધો હતો. આનો પણ કોઈ આધાર નથી કારણ કે દરેક મોટા કોર્પોરેટ હાઉસ તમામ રાજકીય પક્ષોને ફંડ આપે છે. રાજ્યમાં તેઓ તેમને વધુ ભંડોળ આપશે પરંતુ કેન્દ્રમાં તેઓ ભાજપને ભંડોળ આપશે. તો તેઓ કોને ફરિયાદ કરશે ? અનામીની આ આખી વિભાવના બોગસ છે કારણ કે દાન આપનાર વ્યક્તિ પક્ષને કહેશે કે મેં દાન કર્યું છે. શા માટે કોઈ વ્યક્તિ અનામી સાથે દાન કરશે? કારણ કે જો તેણે એક કરોડ અથવા પાંચ કરોડ અથવા ૧૦ કરોડનું દાન કર્યું હોય તો આ દાનનો સમગ્ર હેતુ તરફેણ કરવાનો અને લાભ મેળવવાનો છે. આ ખરેખર ગંભીર સાંઠગાંઠ છે. કોર્પોરેટ ક્ષેત્ર મીડિયાને નિયંત્રિત કરે છે. તમામ મોટા કોર્પોરેટ ગૃહો પાસે તેમની મુખ્ય પ્રવાહની મીડિયા ચેનલો છે. તેથી તેઓ પક્ષને દાન આપે છે અને પક્ષ જાહેરાતો આપે છે. તે ચેનલો પછી ભાજપની વિચારધારાનો પ્રચાર કરે છે જે ખૂબ જ ગંભીર સાંઠગાંઠ છે અને આ દેશના લોકો તેના વિશે જાણતા પણ નથી." સિબ્બલે ધ્યાન દોર્યું કે ચૂંટણી પંચ અને ભારતીય રિઝર્વ બેંક (RBI)ના વિરોધ છતાં આ યોજના અમલમાં લાવવામાં આવી હતી. ચૂંટણી પંચે લેખિતમાં તેનો વિરોધ કર્યો પરંતુ જ્યારે તે કોર્ટમાં આવી ત્યારે તેણે ક્યારેય કશું કહ્યું નહીં. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વિરોધ કર્યો અને છતાં આ યોજના પસાર થઈ. કારણ કે તત્કાલિન નાણામંત્રી દ્વારા ભાજપને સમૃદ્ધ બનાવવા માટે આ એક આદર્શ વ્યૂહરચના ઘડી હતી અને તેઓ તેમાં સફળ પણ થયા. હવે જો તમને તમારી તિજોરીમાં આ પ્રકારના પૈસા મળે તો કોઈ પણ પક્ષ કેવી રીતે સ્પર્ધા કરશે? વાસ્તવમાં તે લોકશાહીની હત્યા છે. બંધારણની કલમ ૩૨૪ મુક્ત અને ન્યાયી ચૂંટણીની વાત કરે છે. આ પ્રકારના પૈસાથી



ચૂંટણી ન તો મુક્ત થઈ શકે અને ન તો નિષ્પક્ષ બની શકે. તેથી તે આપણી ચૂંટણી પ્રણાલીનું સંપૂર્ણ ખંડન છે. તેમણે કહ્યું કે આ સમયે હું તમામ સંસ્થાઓથી નિરાશ છું. માત્ર ચૂંટણી પંચને ભૂલી જાવ, અન્ય સંસ્થાઓએ આ દેશ માટે શું કર્યું છે ? જ્યારે તમે ન્યાયમાં વિલંબની વાત કરો છો તો ન્યાય નકારવામાં આવે છે તેનો અર્થ શું છે ? જો તમે કોઈ મુદ્દાને ઉઠાવવાની ક્ષણ આવે ત્યારે તેને ઉઠાવતા નથી અને તમે તેને ૫ વર્ષ પછી લો છો તો શું થશે? તમે પક્ષને સમૃદ્ધ કરી રહ્યા છો અને લોકશાહીને તોડી પાડો છો અને તેના માટે આપણે બધા જવાબદાર છીએ.. સિબ્બલે એ સમજાવવાનો પ્રયાસ કર્યો કે તે લોકશાહી માટે મૂળભૂત છે કે નાગરિકો જાણે છે કે રાજકીય પક્ષોને ભંડોળ ક્યાંથી મળે છે. મારે અને તમારે જાણવું જોઈએ કે કોને અને કોના દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે. યાદ રાખો કે આ પણ એક કાયદો છે જે ગુનેગારને રક્ષણ આપે છે. કારણ કે જો તમે દાન આપનાર વ્યક્તિનું નામ જાહેર ન કરો તો તમને ખબર નથી કે તેના પર શું ઉપકાર થયો છે. કાયદા હેઠળ, જો તમે કોઈ સરકારી કર્મચારીની તરફેણ માટે પૈસા આપો છો તો તમારી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. તેથી એક રીતે, આ કાયદો ગુનેગારોને રક્ષણ આપે છે, કારણ કે તે ક્યારેય જાહેર કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે ઈન્ડિયા ગઠબંધનએ એવું નિવેદન આપવું જોઈએ કે જ્યારે તેઓ સત્તામાં આવશે, ત્યારે તેઓ આ યોજનામાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરશે અને સિસ્ટમને સુધારશે. સિબ્બલે એમ પણ કહ્યું કે જો કેસનો નિર્ણય અરજદારોની તરફેણમાં આવે તો પણ ભાજપને આ યોજનાનો ઘણો ફાયદો થયો છે. ભલે સુપ્રીમ કોર્ટ અમારી તરફેણમાં નિર્ણય કરે, ભાજપ પહેલેથી જ પોતાને સમૃદ્ધ કરી ચૂક્યો છે. તે ખૂબ જ ગંભીર મુદ્દો છે. બીજા શબ્દોમાં કહીએ તો, તમે વિવિધ માધ્યમો દ્વારા જાહેર નાણાનો ઉપયોગ કર્યો છે, તમે ચૂંટણી બોન્ડ્સ બોલાવીને તમારી જાતને સમૃદ્ધ બનાવ્યા છે જેને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી, તમે વિશ્વના સૌથી ધનિક પક્ષ છો અને તમે તે આર્થિક શક્તિનો ઉપયોગ કરી રહ્યાં છો જેનો અર્થ થાય છે. રાજકીય શક્તિ અને તમે તમારી બિડિંગ કરવા માટે સમગ્ર મીડિયા સિસ્ટમનો ઉપયોગ કરી રહ્યાં છો.

# ઉના વિસ્તારમાંથી રૂા.૨.૫૫ લાખના ગાંજાના છોડ સાથે એક શખ્સની અટકાયત

ઉના તા. ૨૩

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તરફથી ગાંજા/ ચરસની બદી સદંતર નાબૂદ કરવા માટે એનડીપીએસના કેસો શોધી કાઢી અને તપાસના મુળ સુધી પહોંચવા કરેલ સુચના મુજબ ગીર સોમનાથ એસઓજી ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા તથા ઉનાના પીઆઈ એન.કે. ગોસ્વામી, પીએસઆઈ એચ.કે. વરૂ તથા એસઓજી સ્ટાફ તથા ઉના પોલીસ સ્ટાફના એએસઆઈ લાખાભાઈ જે. પપણીયા તથા પો.કો.ભરત બારૈયા, અરવિંદ ભાલીયાની સંયુકત બાતમીના આધારે એલમપુર ગામ, માંગડાધાર જોરા વાડી વિસ્તારમાં રેડ કરી ગાંજાના ૧૧૪ છોડ સાથે બીજલભાઈ ભીમાભાઈ બાંભણીયા, (ઉ.વ.૪૫), રહે. એલમપુરને પકડી પાડી પીઆઈ એ.બી. જાડેજાએ ઉના પોલીસ સ્ટેશન ખાતે એનડીપીએસ એકટ મુજબ ગુન્હો દાખલ કરેલ છે.

આ કામગીરીમાં ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા, ઉનાના પીઆઈ એન.કે. ગોસ્વામી, પીએસઆઈ એચ.કે. વરૂ, એસઓજી સ્ટાફના એએસઆઈ ઈબ્રાહીમશા બાનવા, સુભાષ ચાવડા, દેવદાનભાઈ કુભારવડીયા, ગોવિંદભાઈ રાઠોડ, હે.કો.ગોપાલભાઈ મોરી, ધર્મેન્દ્રસિંહ ગોહીલ, મેહુલસિંહ પરમાર, મહાવીરસિંહ જાડેજા, નારણભાઈ ચાવડા, પ્રકાશભાઈ સોલંકી, એએસઆઈ લાખાભાઈ પંપાણીયા, ધર્મેન્દ્રસિંહ પરમાર, પ્રદીપસિંહ રાયજાદા, પો.કો. ભરતભાઈ બારૈયા, વિજયભાઈ રામ, નલીનભાઈ સોલંકી, અરવિંદભાઈ ભાલીયા, અશોકભાઈ સોલંકી તથા અજીતભાઈ બારડ જોડાયા હતા.

# પરિક્રમાના ભાવિકો માટે એસટી વિભાગ જૂનાગઢ દ્વારા વધારાની બસ સેવા શરૂ કરાઈ



જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ એસટી ડેપો ખાતે પરિક્રમા કરવા આવતા યાત્રિકો માટે ભવનાથ જવા માટે મુચકુંદ ગુફાના મહંત મહેન્દ્રગીરી બાપુના વરદ્‌હસ્તે બસ સેવાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ તકે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તથા પદાધિકારી ઉપરાંત વિભાગીય નિયામક શ્રીમાળી, ડીટીઓ ખાંભલા, ડી.એમ. જોગલ, ડેપો મેનેજર મકવાણા, ત્રણેય યુનિયનના હોદેદારો હાજર રહયા હતા. ભવનાથ તળેટીમાં જવા માટે ૬૦ મીની બસ મુસાફરોને વતન અવર-જવર માટે ૧૬૫ મોટી બસનું એકસ્ટ્રા સંચાલન કરવામાં આવ્યું છે. પરિક્રમા દરમ્યાન ડ્રાઈવર, કંડકટર સહિત ૬૦૦ સ્ટાફ ખડેપગે રહેશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ગરવા ગિરનારની પરિક્રમામાં ઉમટી પડેલા ભાવિકો



જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની લીલી પરીક્રમાનો પ્રારંભ વિધીવત રીતે કરવામાં આવેલ છે. પરંતુ ગઈકાલે દુર-દુરથી આવેલા સંખ્યાબંધ ભાવિકો પરીક્રમાના રૂટ ઉપર જોવા મળ્યા હતા અને પરીક્રમાર્થીઓની ભારે મેદનીને લઈને એક દિવસ અગાઉ જ ગેઈટ ખોલી દેવામાં આવ્યો હતો અને પરિક્રમાર્થીઓ પોત-પોતાના સંઘો સાથે પરિક્રમા રૂટ ઉપર જોવા મળતા હતા. જીણા બાવાની મઢી ખાતે એક દિવસ પહેલા જ અંદાજીત ૫૦ થી ૬૦ હજાર જેટલા પરિક્રમાર્થીઓ સેવાનો પુણ્ય ભાથુ બાંધવા આવી પહોંચ્યા હતા. જેમાં ૫ વર્ષના બાળકથી લઈ ૮૦ થી ૯૦ વર્ષના શ્રધ્ધાળુઓ પણ પુરી આસ્થા અને શ્રધ્ધા સાથે જોડાયા હતા. પરિક્રમાના પડાવ ઉપર વિસામો લેવામાં આવ્યો હતો તેમજ ભોજન અને પ્રસાદનું આયોજન પણ શ્રધ્ધાળુઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પરિક્રમાના પાંચ દિવસ દરમ્યાન જંગલમાં મંગલ જેવા દ્રશ્યો ઠેર-ઠેર યોજવામાં આવી રહયા છે.

# પરિક્રમામાં યાત્રિકોને સગવડતા આપવા માટે જિલ્લા વહીવટી તંત્રની કામગીરી મિશન મોડમાં

**જંગલમાં અચાનક હાર્ટ એટેક આવે તો યાત્રિક નો જીવ બચી જાય તે માટે જિલ્લા વહીવટી તંત્રના અધિકારી કર્મચારીઓએ સીપીઆર તાલીમ લીધીઃ સંસ્થાઓના પ્રતિનિધિઓને સીપીઆરની સમજણ અપાશે**




જૂનાગઢ, તા.૨૩

આજ તા.૨૩ નવેમ્બરથી શરૂ થનારી ગિરનારની લીલી પરિક્રમામાં લાખો યાત્રિકો આવવાના હોય જિલ્લા વહીવટી તંત્રએ તમામ યાત્રીઓને પરિક્રમાના રૂટ ઉપર કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે તૈયારીઓ પૂર્ણ કરી છે અને હવે આવતીકાલથી વિવિધ સેવાઓ માટે ફરજ આપવાનું સોંપાશે.

કલેકટર અનિલ રાણા વસિયાએ કલેકટર કચેરી ખાતે પરિક્રમા સાથે જોડાયેલા તમામ વિભાગોના કચેરીઓના વડા સાથે તેમની કચેરીની ટીમ સાથેની કામગીરી સ્ટાફની નિયુક્તિ અને ઉપલબ્ધ સુવિધાઓ વિશેની ઝીણવટ ભરી માહિતી મેળવી હતી.

કલેકટરે ખાસ કરીને મેડિકલ સેવા સાથે જોડાયેલા સ્ટાફને દર અડધો કિલોમીટરે તબીબ ન હોય તો પેરામેડિકલ સ્ટાફ ઉપલબ્ધ રહે, પૂરતો દવાનો જથ્થો મળી રહે , રૂટના પડાવ ખાતેના દવાખાનાઓમાં તબીબની સેવા સાથે ઈમરજન્સી સારવાર માટે વિશેષ વ્યવસ્થા કરવા અને રૂટ ઉપર નિયત સ્થળના હંગામી દવાખાનાઓ ૨૪ કલાક ચાલુ રહે તે માટે જરૂર પડે વધારે સ્ટાફની નિયુક્તિ કરવા સૂચના આપી હતી.

ગિરનાર ઉપર અંબાજી ખાતે પણ તબીબી સ્ટાફ અને દવા અને પેરા મેડિકલ ના સ્ટાફ સાથે મેડિકલ સેવા ઉપલબ્ધ થશે. ભવનાથમાં નાકોડા ખાતે આઈસીયુ અને એક ફિઝિશિયન સાથે મેડિકલ સ્ટાફ સેવા આપશે સિવિલ હોસ્પિટલ ખાતે પણ રાઉન્ડ ક્લોક ફિઝિશિયન સાથે પરીકરમાર્થીઓને સારવાર મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. જંગલમાં રૂટ ઉપર અચાનક કોઈને હાર્ટ એટેક આવે અને વ્યક્તિ બેભાન થઈ જાય તો CPRની તાલીમથી તેમનો જીવ બચી જાય તેવા આશય સાથે જિલ્લાના અધિકારી કર્મચારીઓએ મેડિકલ તજજ્ઞો પાસેથી સીપીઆરની તાલીમ લીધી હતી અને કઈ રીતે દર્દીને છાતી ઉપર દબાણ આપવું, કેટલી સેકન્ડ આ પ્રક્રિયા કરવી, દર્દીનો રિસ્પોન્સ અને સીપીઆર આપનાર વ્યક્તિએ કેટલી કાળજી લેવી તે તમામ મુદ્દે તજજ્ઞોએ અધિકારીઓને ડેમોસ્ટ્રેશન સાથે માહિતી આપી હતી .આવતીકાલે એનજીઓને પણ આ અંગેની સમજણ આપવામાં આવશે.

રૂટ ઉપર પીવાના પાણીની સુવિધા ,જનરેટર તેમજ પોલીસ વિભાગ દ્વારા પૂરતો બંદોબસ્ત, વન વિભાગ દ્વારા પણ દેખરેખ અને કામગીરી આ ઉપરાંત આગ ન લાગે તે માટે જરૂરી વ્યવસ્થા ઉપરાંત આવશ્યક ચીજ વસ્તુ નો પુરવઠો મળી રહે- દૂધ પૂરતું મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

ચાલુ વર્ષે પરિક્રમામાં સ્વચ્છતા રાખવામાં આવે તે માટે જિલ્લા વહીવટી તંત્રએ જન જાગૃતિ માટે અભિયાન ચલાવ્યું છે. જેમાં એસટી તેમજ મહાનગરપાલિકા અને અન્ય વિભાગોના કર્મચારીઓ પણ યાત્રિકોને ગિરનાર સ્વચ્છ રહે તે માટે અપીલ કરશે. અન્નાક્ષેત્રો ના સ્વયંસેવકો અને સંસ્થાઓના પ્રતિનિધિઓ જમણવારનો કચરો પાછળના ભાગમાં ડમ્પિંગ એકત્ર કરે અને જરૂરી દેખરેખ રાખે તે માટે કલેકટરશ્રીએ ખાસ અનુરોધ કર્યો છે.

યાત્રાળુઓની પરિવહન સેવા માટે એસટી વિભાગે સેવાઓને વિસ્તારી છે. તેમજ રેલવે વિભાગનું પણ સંકલન છે. ભવનાથથી બસ સ્ટેશન સુધી ૫૦ના બદલે ૬૦ બસ તેમજ વધારાનું એક પીકઅપ સેન્ટર રેલવે સ્ટેશન પર ટ્રેન ના સમય પ્રમાણે ત્યાં બસ પાર્ક રહે તેવું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જૂનાગઢ થી ભવનાથ વચ્ચે ટ્રાફિક ન થાય તે માટે જરૂરી પાર્કિંગ વ્યવસ્થાઓ અને લોકોને વાહન ચાલકોને પાર્કિંગની માહિતી મળી રહે તે માટે સંબંધિત એજન્સીઓને સુચના આપવામાં આવી હતી. અન્ન ક્ષેત્ર ,આશ્રમો ,ભંડારા સંસ્થાઓને સમયસર પાસ મળી જાય તે માટે પણ કલેકટર શ્રી એ જણાવ્યું હતું.

આ બેઠકમાં અધિક કલેક્ટર પી.જી પટેલ, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા તેમજ મહાનગરપાલિકા, સિવિલ હોસ્પિટલ, પંચાયત આરોગ્ય શાખા, પાણી પુરવઠા બોર્ડ, પીજીવીસીએલ, વન વિભાગ ,આરટીઓ, એસ.ટી રેલવે, પોલીસ, સહિત કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર સોમનાથ જિલ્લાના ખેડુતોને ચાલુ સીઝનમાં રવિ પાકો વિષે જાણકારી આપવા માટે કૃષિ મહોત્સવ યોજાશે

**જિલ્લાના છએય તાલુકાઓમાં તા. ૨૪-૨૫ ના રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમોનું આયોજન**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

રાજયના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તેવા શુભ હેતુસર રાજયનાં તમામ તાલુકાઓમાં તા.૨૪.૧૧.૨૩ થી તા.૨૫.૧૧.૨૩ દરમ્યાન બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત ગીરસોમનાથ જિલ્લાના ૬ તાલુકાઓમાં તા. ૨૪ નવેમ્બરનાં સવારે ૧૦.૩૦ કલાકે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લાના તમામ તાલુકામાં રવિ કૃષિ મહોત્સવનુ આયોજન છે. જેમાં ગીરગઢડા તાલુકામાં કોળી સમાજ વાડી દ્રોણેશ્વર રોડ તેમજ કોડીનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંબુજા નગર, કોડીનાર ખાતે તેમજ સુત્રાપાડા તાલુકાનો સાયકલોન સેન્ટર, પ્રશ્નાવડા ખાતે તેમજ તાલાલા માર્કેટિંગ યાર્ડ, સાસણ રોડ-તાલાળા ખાતે તેમજ ઉના નગરપાલિકા ટાઉન હોલ, દેલવાડા રોડ, ઉના ખાતે અને વેરાવળ તાલુકાના કૃષિ મહોત્સવનુ એ.પી.એમ.સી., કાજલી ખાતે સવારે ૧૦.૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યુ છે. આ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ ના આ બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન યોજાશે. તેમજ કૃષિ મહોત્સવના કાર્યક્રમના સ્થળે કૃષિ પ્રદર્શન અને સેવા સેતુ કાર્યક્રમ માટે કુલ ૩૦ સ્ટોલનું આયોજન કરવામાં આવનાર છે. તદુપરાંત કાર્યક્રમની સાથોસાથ પશુપાલન વિભાગદ્વારા સ્થાનિક કક્ષાએ બે દિવસ માટે પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે.

# ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડરી લાઈન નજીકથી પાકિસ્તાની બોટ ઝડપાઈ

**પાકિસ્તાની બોટને ઓખા કોસ્ટગાર્ડ ખાતે લાવવામાં આવશે, સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવશે**

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૩

ભારતીય જળ સીમમાંથી મહત્વની કામગીરી સામે આવી છે. જેમાં ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા રાજયમાં અનેક વાર શંકાસ્પદ બોટ ઝડપાતી હોય છે. ત્યારે ઓખામાં ફરી એક વાર શંકાસ્પદ બોટ ઝડપાઈ છે. ભારતીય જળ સપાટીમાં શંકાસ્પદ બોટ દેખાતા જ ઓખા કોસ્ટગાર્ડે ઝડપી હતી. આ અંગેની માહિતી અનુસાર, આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ ઓખા કોસ્ટગાર્ડ જેટી પર પહોંચશે. જો કે હજી સુધી એ જાણ નથી થઈ કે આ બોટ માત્ર ફિશિંગ કરતી બોટ છે કે કોઈ અન્ય પ્રવૃતિ માટે ભારતીય જળ સીમા આવી હતી. તેમજ IMBL (International Maritime Boundary Line) નજીકથી પાકિસ્તાની બોટ ઝડપાઈ છે.

તેમજ ઝડપાયેલ પાકિસ્તાની બોટ તેમજ તેમાં સવાર તમામ લોકોને ઓખા કોસ્ટ ગાર્ડ જેટી ઉપર લાવવામાં આવશે. તેના અંગે પાકિસ્તાની બોટમાં સવાર લોકો અંગે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. તેમજ બોટ કયા સંજોગોમાં ભારતીય સરહદમાં પ્રવેશ કરવામાં આવ્યો તેની પણ તપાસ કરવામાં આવશે.

# જૂનાગઢ જીલ્લામાં તા.૨૬મી નવેમ્બરના મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ

**નાગરિકોને મતદારયાદીમાં નામ દાખલ, સુધારોઅને કમી કરવાની તક**

જૂનાગઢ, તા.૨૩

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૧-૧-૨૦૨૪ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદારયાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. રાજ્યભરમાં ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમિયાન ખાસ ઝુંબેશ દિવસ તા.૨૬-૧૧-૨૦૨૩ (રવિવાર)ના રોજ બુથ લેવલ ઓફિસર્સ સવારે ૧૦ થી સાંજે ૦૫ વાગ્યા દરમ્યાન સંબંધિત બૂથ પર હાજર રહેશે અને નાગરિકોને રૂબરૂ જોવા માટે મતદાર યાદી ઉપલબ્ધ કરાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વય જૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદારયાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવાચૂંટણી પંચના VOTER HELPLINE APP અને VSP ઉપર ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

# ઓલવણ ગામના એસઆરડી જવાને કોળી સમાજ વિષે કરેલ ટીપ્પણી સામે આક્રોષ

**કોળી સમાજના આગેવાનોએ જીલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવી કડક કાર્યવાહી કરવા કરેલ માંગ**



ઉના તા. ૨૩

ઉના શહેર અને તાલુકાના સમસ્ત કોળી સમાજના આગેવાનોએ ગીર સોમનાથ જિલ્લા કલેકટર તથા જિલ્લા પોલીસ વડાને લેખિતમાં આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી કે ઉના તાલુકાના ઓલવણ ગામના ગ્રામ પંચાયતના સદસ્ય અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ઉજીબેન ચંદુભાઈ મકવાણાના પતિ ચંદુભાઈ ભીખાભાઈ મકવાણાને ઓલવણ ગામે રહેતા અને એસ.આર.ડી.માં જવાન તરીકે ફરજ બજાવતા ધર્મેશ રામજીભાઈ બારૈયાએ મોબાઈલ ફોન ઉપર સમસ્ત કોળી સમાજ વિષે એલફેલ બોલી અને અભદ્ર શબ્દોનો પ્રયોગ કરી સમગ્ર કોળી સમાજનો દ્રોહ કરી સમાજ સમાજ વચ્ચે વેમનસ્ય ફેલાવવાનું ગંભીર કૃત્ય કરેલ હોય તેમની સામે કાયદાકીય કડક કાર્યવાહી કરવા માંગણી કરી હતી.

# શ્રી માધવ ક્રેડીટ કો.ઓપ. સોસાયટી દ્વારા તુલસીના રોપાનું વિતરણ



જૂનાગઢ તા. ૨૩

તુલસીનાછોડમાં આયુર્વેદ અને નિસર્ગોપચાર ગુણ ઘણા છે. તેમજ બેકટેરીયલ ચેપ સામે લડવામાં મદદ કરે છે. તેથી જ તુલસીને ધર્મમાં સ્થાન છે. અને એટલે જ દરેક ઘરમાં તુલસીનો છોડ અવશ્ય હોવો જોઈએ. માધવ ક્રેડીટ કો. ઓપ.સોસાયટીના ડીરેકટર હર્ષદભાઈ મંકોડી (ઉ.વ.૭૩) છેલ્લા ૧૦ વર્ષથી પોતાના ઘરની અગાસીમાં ૧૦૦થી વધુ છોડ ઉછેરે છે અને સંસ્થાના માધ્યમથી દેવ દિવાળી ઉપર નિઃશુલ્ક વિતરણ કરે છે. તેઓએ અત્યાર સુધીમાં ૧૦૦૦ કરતા વધારે છોડ ઉછેરીને વિતરણ કરેલ છે. ચાલુ વર્ષે ચોમાસાની પ્રતિકુળ સ્થિતી હોવા છતાં ૧૨૫ થી વધુ તુલસીના રોપાઓનું વિતરણ કરેલ છે.

# ગીર સોમનાથ જીલ્લા કલેક્ટરના વરદહસ્તે શ્રી સોમનાથ કાર્તિકી પૂર્ણિમાના મેળાનો પ્રારંભ









(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૨૩

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર શ્રી એચ.કે.વઢવાણિયાના વરદહસ્તે ઉદ્‌ઘાટન કરી સોમનાથના પરંપરાગત કાર્તિકી પૂર્ણિમાના મેળાને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ગોલોકધામ ખાતે આવેલ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આ મેળો પાંચ દિવસ ચાલશે. જેમાં ખાણીપીણીના વિવિધ સ્ટોલ, બાળકો માટે રમકડાં તેમજ અન્ય વેચાણ સ્ટોલ સહિત ઉડી પ્રોજેક્ટર શો, ચંદ્રયાન-૩, ચકડોળ, ટોરાટોરા, બ્રેકડાન્સ જેવી રાઈડ્‌સ પણ આકર્ષણનું કેન્દ્ર બની છે.

જિલ્લા કલેક્ટર એચ.કે.વઢવાણિયા તેમજ જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલેએ સોમનાથ @ ૭૦ અને સોમનાથના હેરિટેજ સ્થળોની ફોટો પ્રદર્શનીની મુલાકાત લીધી હતી. જે દરમ્યાન ટ્રસ્ટી જે.ડી પરમાર, સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા અને વિવિધ અગ્રણીઓની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

પાંચ દિવસ ચાલનારા આ મેળામાં ઈન્ડેક્ષ-સી વિભાગના હસ્તકલા અને ગૃહઉદ્યોગ જેવા આકર્ષક સ્ટોલ, જેલના કેદીઓના ભજીયાનો સ્ટોલ, સેલ્ફી પોઈન્ટસ, પંચદેવ મંદિર, સોમનાથ જ ૭૦ પ્રદર્શની, માહિતી સભર સ્ટોલની સાથે પ્રતિદિવસ ખ્યાતનામ કલાકારોના સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્તિકી પૂર્ણિમાના મેળાના ૦૫ દિવસ દરમિયાન શ્રી સોમનાથ મંદિર રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. વિશેષમાં મેળાનો લાભ લેતા યાત્રીઓને મેળા દરમ્યાન બાળકો વિખૂટા ન પડે તેની ખાસ કાળજી રાખવા, મેળામાં કોઈપણ જગ્યાએ ભીડ થાય અથવા તોફાની તત્વો જોવા મળે તો તુરંત પોલીસને જાણ કરવા, મેળામાં ઈમરજન્સી સમયે ભાગદોડ ન કરતા નકકી કરવામાં આવેલ ગેધરીંગ પોઈન્ટ- "સાંસ્કૃતિક કાર્યક્રમ સ્થળ" ઉપર એકઠા થઈ અને ત્યાં પહોંચવા તેમજ મુશ્કેલીના સમયમાં પોલીસ(૧૦૦), એમ્બ્યુલન્સ (૧૦૨), ફાયર (૧૦૧), ઈમરજન્સી(૧૦૮) પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

આ ઉપરાંત મેળા ગ્રાઉન્ડમાં સીસીટીવી સીસ્ટમ લગાવવામાં આવી છે. વિશાળ પાર્કિંગની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. ફાયર સેફટી માટે તમામ જગ્યાએ ફાયર એકસ્ટીંગ્યુશરની વ્યવસ્થા તેમજ સ્ટેન્ડબાય ફાયર ટીમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મેળામાં ઈલેકટ્રીક સપ્લાય માટે ૪ વિશાળ ક્ષમતા વાળા સ્ટેન્ડબાય જનરેટરની વ્યવસ્થા કરાઈ છે. માઈક દ્વારા જન સંપર્ક સરળ અને અસરકારક બની શકે તે માટે મેળા કાર્યાલય તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમના સ્ટેજમાં પબ્લીક એડ્રેસ સિસ્ટમ ઊભી કરવામાં આવી છે. મેળામાં બંદોબસ્ત અને દેખરેખ માટે પોલીસ વૉચટાવર, પોલીસ કન્ટ્રોલ રૂમની વ્યવસ્થા કરાઈ છે. સોમનાથ કાર્તિકી પૂર્ણિમાના મેળામાં પધારતા લોકોને સુરક્ષિત અને મનોરંજનસભર વાતાવરણ મળે તેના માટે જિલ્લા વહીવટી તંત્ર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, જિલ્લા પોલીસ તંત્રના સહયોગથી તમામ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે.

## ખંભાળિયા શહેરના અનેક આસામીઓને થશે રાહત બાંધકામનું કમ્પ્લીશન નગરપાલિકા આપે તે માટે કાર્યવાહી

### આવતીકાલે ખાસ સામાન્ય સભાનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

ખંભાળિયા શહેરમાં છેલ્લા આશરે એક દાયકાથી વધુ સમય થયા "ખંભાળિયા વિસ્તાર વિકાસ સત્તા મંડળ" (ખાડા) અમલમાં આવ્યું છે. ત્યારથી અહીં બાંધકામની પરવાનગી તથા સર્ટિફિકેટ આપવાની સત્તા ખંભાળિયા નગરપાલિકા પાસેથી લઈને "ખાડા"ને આપી દેવામાં આવી છે. આ પરિસ્થિતિમાં મોટી સંખ્યામાં અનેક આસામીઓ કે જે નગરપાલિકા પાસેથી બાંધકામની મંજૂરી તેમજ કંપની સર્ટિફિકેટ મેળવતા હોય તેઓને કમ્પ્લીશન સર્ટિફિકેટના અભાવે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

ખંભાળિયામાં વિવિધ મિલકતો ધરાવતા આસામીઓને લોન લેવા, વેચાણ કરવા તેમજ અન્ય બાબતે કમ્પ્લીશન સર્ટિફિકેટના અભાવે ભારે હાલાકી થતી હોવાથી આ અંગે ખંભાળિયા શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, નગરપાલિકાના પ્રમુખ કિશોરભાઈ દતાણી, વિગેરેએ સાંસદ પૂનમબેન માડમ તેમજ અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા સાથે જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીને રજૂઆતો કરી હતી.

આના અનુસંધાને તાજેતરમાં જિલ્લા કલેકટર અશોક શર્મા સાથે અગ્રણી મયુરભાઈ ગઢવી, દિનેશભાઈ દતાણી, યોગેશભાઈ મોટાણી, અનિલભાઈ તન્ના ઉપરાંત નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ, ઈજનેર એન.આર. નંદાણીયાની ખાસ બેઠક યોજવામાં આવી હતી. પાલિકા દ્વારા બાંધકામની મંજૂરી આપેલી હોય અને "ખાડા" દ્વારા જો કમ્પ્લીશન સર્ટિફિકેટ ન અપાયું હોય તેવા આસામીઓ માટે ખાસ રસ્તો કાઢીને નગરપાલિકા કમ્પ્લીશન સર્ટિફિકેટ આપે તેવી મંજૂરી સાથેનો ખાસ ઠરાવ જનરલ બોર્ડમાં કરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આના અનુસંધાને શુક્રવાર તારીખ ૨૪ ના રોજ સવારે ૧૧ વાગ્યે નગરપાલિકા કચેરીના સભાખંડ ખાતે ઉપરોક્ત મુદ્દે ખાસ સામાન્ય સભાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે "ખાડા" અને પાલિકા કચેરીના આ વહીવટ વચ્ચે સંકલનના અભાવે અનેક આસામીઓ હાલાકીમાં મુકાઈ રહ્યા હોવાનો મુદ્દો ગંભીરતાપૂર્વક સામે આવ્યો હતો. જેનું નિરાકરણ હવે આગામી ટૂંક સમયમાં આવી જશે.

## ઓખા નજીક ભારતીય જળસીમમાંથી પાકિસ્તાનની બોટ ઝડપાઈ: કોસ્ટગાર્ડ દ્વારા કાર્યવાહી





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

ભારતની જળસીમામાં પ્રવેશ કરતી કરી અને માછીમારી કરતા ખલાસીઓ સાથેની એક પાકિસ્તાની બોટને ભારતના કોસ્ટ ગાર્ડના જવાનોએ દરિયામાંથી ઝડપી લીધી હોવાનું જાણવા મળ્યું છે. પાકિસ્તાનની નાઝ એ કરમ નામની ફિશિંગ બોટ ઓખા નજીકની જળસીમામાં પ્રવેશી હોવાથી "અરિંજય" શિપમાં ફરજ પર રહેલા કોસ્ટ ગાર્ડના જવાનોએ આ બોટને ઝડપી લીધી હતી.આ બોટમાં ૧૩ જેટલા ખલાસીઓ હોવાનું જાણવા મળ્યું છે. જેઓને ઓખા લાવવામાં આવ્યા હતા. બોટ તેમજ ભારતીય જળસીમા આઈ.એમ.બી.એલ. નજીકથી ઝડપાયેલા ખલાસીઓને જુદી જુદી સુરક્ષા એજન્સીની ટીમો દ્વારા ઈન્ટ્રોગેશન હાથ ધરવામાં આવ્યું હતું. પૂછપરછના અંતે પાકિસ્તાની બોટના ખલાસીઓ સામે નવી બંદર મરીન પોલીસ ચોકીમાં ગુનો નોંધવા સહિતની જરૂરી કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું કહેવાય છે.

રાજ્ય સરકાર દ્વારા કોસ્ટલ સિક્યુરિટીને વધુ મજબૂત બનાવવામાં આવી છે. ત્યારે અહીંથી ઝડપાયેલી પાકિસ્તાની બોટ તથા તેમાં રહેલા ખલાસીઓ ભારતીય જળસીમામાં કેવી રીતે ઘૂસી આવ્યા તે અંગે જુદી-જુદી સુરક્ષા એજન્સીઓ દ્વારા વિવિધ દિશામાં સઘન પૂછતાછ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

## વેરાવળમાં ગરીબ લારી ધારકએ હકના પૈસા માંગતા રેયોનના સિક્યુરિટીએ લાકડી વડે ઢીબી નાંખ્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

વેરાવળમાં રેયોન કંપનીના સિક્યુરીટી ગાર્ડએ નાસ્તાની લારીમાંથી ઢોસો પાર્સલ કરાવેલ જેના પૈસા ગરીબ લારી ધારકે માંગતા ગાર્ડએ લાજવાના બદલે ગાજીને "હવે પૈસા માંગીશ તો જાનથી મારી નાંખીશ" તેવી ધમકી આપી લાકડી વડે માર માર્યો હતો. આ અંગે પોલીસે રેયોન કંપનીના સિક્યુરિટી ગાર્ડ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આવી લુખ્ખાગીરી કરતા રેયોનના સિક્યુરિટી સામે કડક કાર્યવાહી પોલીસ કરે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

વેરાવળમાં રોજે રોજનું કમાઈ ખાતા લારી ધારક ઉપર લુખ્ખાગીરી આચર્યાની ઘટના અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ અત્રે બસ સ્ટેશન રોડ ઉપર રેયોન સ્કુલ સામે ફૂટપાથ ઉપર ઢોસાની લારી રાખી ગુજરાન ચલાવતા મદ્રાસી જગદીશ નાડારની લારીએ ગતરાત્રીના સાડા દસેક વાગ્યે રેયોન કંપનીનો સિક્યુરિટી રણજીત બારડ આવીને એક ઢોસો પાર્સલ કરાવેલ હતો. જેના પૈસા માંગતા લાજવાના બદલે ગાજતા સિક્યુરિટી ગાર્ડ રણજીતએ પહેલા જીભાજોડી કરી લાકડી વડે લારીધારક જગદીશને આડેધડ માર મારવા લાગેલ ત્યારે આજુબાજુના લોકો ભેગા થઈ જઈ છોડાવેલ હતો. ત્યારે સિક્યુરિટી ગાર્ડ રણજીતે "હવે પૈસા માંગીશ તો જાનથી મારી નાખવો છે" તેવી ધમકી આપી નાસી ગયો હતો. ઉપરોકત વિગતોના આધારે લારી ધારક જગદીશએ ફરીયાદ નોંધાવતા પોલીસે રેયોનના સિક્યુરિટી રણજીત બારડ સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સલામતીના ભાગરૂપે રાજ્યની પ્રાથમિક શાળાના ૨ લાખથી વધુ શિક્ષકોને અપાશે કાર્ડિયો સીપીઆર તાલીમ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૩

શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું છે કે, શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સલામતીને ધ્યાને રાખી રાજ્યની તમામ સરકારી તથા અનુદાનિત પ્રાથમિક શાળાઓના ૨ લાખથી વધુ શિક્ષકોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ આપવામાં આવશે. આ એક દિવસીય તાલીમ બે તબક્કામાં યોજાશે. તા.૩જી ડિસેમ્બર અને તા.૧૭મી ડિસેમ્બર-૨૦૨૩ના રોજ રવિવારના દિવસે આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોર ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતેથી CPR તાલીમનો શુભારંભ કરાવશે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આજે શિક્ષણ મંત્રીશ્રીની અધ્યક્ષતામાં તબીબી એસોસિયેશન અને વિવિધ શિક્ષણ સંઘો વચ્ચે બેઠક યોજાઈ હતી જેમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ જોડાયા હતા. મંત્રી કુબેરભાઈ ડિંડોરે આ કાર્યક્રમની વિગતો આપતા કહ્યું કે, CPR વિષે રાજ્યના નાગરિકોમાં વધુમાં વધુ જાણકારી થાય એ આશયથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ એક ખાસ મુહિમ હાથ ધરવાનું આયોજન કરાયું છે. અગાઉ રાજ્યની પોલીસને આ તાલીમ આપવામાં આવી હતી, હવે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાને લઈ શિક્ષકોને આ તાલીમ આપવાનું આયોજન કરાયું છે. ત્યાર બાદ માધ્યમિક શાળાના શિક્ષકો અને કોલેજના પ્રાધ્યાપકઓને પણ તબક્કાવાર તાલીમ આપવાનું આયોજન છે. તેમણે ઉમેર્યું કે, કોરોનાકાળ પછી હાર્ટ અટેકથી નાની વયે મૃત્યું થવાનો દર વધ્યો છે ત્યારે મહામૂલી જીંદગી બચાવવામાં રાજયના શિક્ષકો પણ મદદરૂપ બને તે આશયથી આ તાલીમ આપવાનું નક્કી કરાયું છે. સામાન્ય રીતે હૃદયનો હૂમલો આવવાથી ૧૦૮ને ત્વરીત બોલાવતા ૦૫ થી ૧૦ મીનીટનો સમય જતો હોય છે. તે ૦૫ થી ૧૦ મીનીટ દરમ્યાન મગજ સુધી લોહી ના પહોંચે તો દર્દીનું મૃત્યું થતું હોય છે આવું ન થવા દેવા માટે આ CPR ટ્રેનીંગ અત્યંત મહત્વની છે. મંત્રીએ ઉમેર્યુ કે, આ એક દિવસીય કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન(CPR) તાલીમ ડોકટર સેલ ટીમ અને ISA ગુજરાત ચેપ્ટરના સહયોગથી યોજાશે. જેમાં ૨ લાખથી વધારે શિક્ષકોને આ CPR ટ્રેનીંગ આપવામાં આવશે. જેમાં ગુજરાતની ૩૭ મેડિકલ કોલેજો અને અન્ય ૧૪ સ્થળો ઉપર ૨૫૦૦થી વધુ ડોકટરો અને તબીબી વ્યાવસાયિકો દ્વારા આ ટ્રેનીંગ સંપૂર્ણ સૈદ્ધાંતિક અને પ્રેક્ટિકલ રીતે અપાશે. મંત્રીએ ઉમેર્યું કે, આ કાર્યક્રમ સમગ્ર રાજયમાં સવારે ૧૦ થી સાંજે ૫ કલાક સુધી યોજાશે જેમાં ડોકટર તજજ્ઞો દ્વારા ટ્રેનીંગ આપવામાં આવશે. ટ્રેનીંગ પુર્ણ થયા બાદ તાલીમ અંગેનું પ્રમાણપત્ર પણ એનાયત કરાશે.

## પોરબંદરની આર. જી. ટી. કોલેજના ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું રવિવારે સ્નેહમિલન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

જૂનાગઢમાં ભેસાણ રોડ ખાતે આવેલી નોબલ યુનિવર્સિટી ખાતે ૧૯૫૫થી કાર્યરત રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, પોરબંદરમાં બી.એડ. અને એમ.એડ. કરેલા ૧૯૫૫થી આજ સુધીના ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન આગામી રવિવાર તારીખ ૨૬ના રોજ સવારે ૯ વાગ્યે યોજવામાં આવ્યો છે. આ સ્નેહ મિલન કાર્યક્રમમાં પોરબંદરની રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજના તમામ ભુતપૂર્વ વિદ્યાથીઓ સાથે મળીને સંસ્મરણો વાગોળશે. આ સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી અને નોબલ યુનિવર્સિટીના કે.ડી. પંડયાના સહયોગ સાથે નિવૃત શિક્ષણ નિયામક ડૉ. નલિન પંડિત તેમજ નિવૃત નાયબ શિક્ષણ નિયામક હર્ષદ ભટ્ટના પ્રયત્નોથી રામબા પરિવારના સભ્યોને વોટ્સએપ ગ્રુપ દ્વારા સાંકળીને એક દિવસીય સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સંસ્થાના ભુતપૂર્વ અધ્યાપકો પણ હાજર રહેશે. પોરબંદરના મહારાણા નટવરસિંહજી જેઠવાએ આ દરિયા મહેલને શિક્ષણ માટે પોતાની માતા રામબાની યાદમાં શિક્ષણ વિભાગને કોલેજના ઉપયોગ માટે સોંપી આપેલ હતો. આ સંસ્થાએ સારા સાહિત્યકારો, સંશોધકો, લેખકો, કવિઓ, શિક્ષણ શાસ્ત્રીઓ, અધિકારીઓ અને શાળા સંચાલકોની સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રને ભેટ આપી છે. આ સ્નેહ મિલનને સફળ બનાવવા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અલ્તાફ રાઠોડ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા બલદેવપરી, જૂનાગઢની માનસ વિદ્યાલયના નિવૃત પ્રિન્સિપાલ ત્રિલોક ગોહિલ, નિવૃત જિલ્લા શિક્ષણાધિકારી ડો. વી.ડી. વરુ, ડ. જી.ડી. કાનાણી, ડાંગના મામલતદાર ડ. ચિંતન વૈષ્ણવ વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. આ સ્નેહ મિલનમાં પૂર્વ વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા ડો. પ્રિયવદન કોરાટની એક યાદીમાં જણાવાયું છે.

## ઈશા ફાઉન્ડેશનના આધ્યાત્મિક ગુરૂ શ્રી જગદીશ વાસુદેવજીએ દ્વારકાધીશને શીશ ઝુકાવ્યું



(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૨૩ : દક્ષિણ ભારતના મૈસુર સ્ટેટની જાણીતી સંસ્થા ઈશા ફાઉન્ડેશનના ફાઉન્ડર આધ્યાત્મિક ગુરૂ અને પર્યાવરણવીદ સદગુરૂ શ્રી જગદીશ વાસુદેવજીએ ગઈકાલે બુધવારે સવારે યાત્રાધામ દ્વારકામાં આગમન થયું હતું. તેમણે દ્વારકાધીશ જગતમંદિરમાં કાળિયા ઠાકોરજીના દર્શન કર્યા હતા. વારાદાર પૂજારી ચિત્રાંગ ઠાકર દ્વારા સદગુરૂને શ્રીજીની પાદુકા પૂજન કરાવી, શ્રીજીનું ઉપરણું ઓઢાડીને ઠાકોરજીના આશીર્વાદ પાઠવ્યા હતા.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાતરની અછતઃ તંત્રને રજૂઆત



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ સહિતના વિસ્તારોમાં હાલ રવિ પાકની મોસમ છે. ત્યારે ખેડૂતોને પોતાના ખેતર માટે વિવિધ પ્રકારના ખાતરની જરૂરિયાત અનિવાર્ય બની રહી છે. હાલની પરિસ્થિતિમાં ભાણવડ પંથકમાં ડી.એ.પી. એન.પી.કે. યુરિયા ખાતરની અછત હોવાથી ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરો પડતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.ભાણવડના ગ્રામ્ય વિસ્તારોમાં અનેક ખેડૂતો ખેત વ્યવસાય સાથે સંકળાયેલા છે. જો ખેડૂતોને સમયસર પાકમાં ખાતરનો છંટકાવ કરવામાં નહીં આવે તો તેઓને આર્થિક નુકસાની થવાની દહેશત હોવાથી ખેડૂતોને યોગ્ય અને પૂરતા પ્રમાણમાં ખાતર મળી રહે તે માટે ભાણવડ આમ આદમી પાર્ટીના પ્રમુખ હિતેન્દ્રસિંહ જાડેજા દ્વારા મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ખિરાજે અકીદત – બેસણું



મર્હુમા ડૉ. રેશ્મા હસરત ખોખર
સ્નેહ હોસ્પિટલ, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
અવસાન તા. ૧૭-૧૧-૨૦૨૩ ને શુક્રવાર

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પૂત્રવધુ ડૉ. રેશ્મા હસરત ખોખર નું તા.૧૭-૧૧-૨૦૨૩ ને શુક્રવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે,


મર્હુમાને શ્રદ્ધાંજલી આપવા માટે બેસણુ રાખેલ છે.

તારીખ : ૨૩-૧૧-૨૦૨૩ ને ગુરૂવાર
સમય : સાંજે : ૦૪:૦૦ થી ૦૬:૦૦ સુધી
સ્થળ : સરદાર પટેલ ભવન હોલ, જયશ્રી સીનેમા રોડ, જૂનાગઢ.

• લિ. •
હનિફભાઈ રહીમભાઈ ખોખર (પત્રકાર) સાજીદાબેન હનિફભાઈ ખોખર (પતંજલી ચિકીત્સાલય)
રફીકભાઈ હાજી ભીખુભાઈ મકવાણા (સુરેન્દ્રનગર) સમીમબેન રફીકભાઈ મકવાણા (સુરેન્દ્રનગર)
હસરત હનિફભાઈ ખોખર (આકાર આર્કિટેક) ડૉ. લીયાકત રફીકભાઈ મકવાણા (અમદાવાદ)
તમન્ના હનિફભાઈ ખોખર (ઈન્ટિરિયર ડીઝાઈનર)

# મુખ્યમંત્રી દ્વારા આયોજીત સ્નેહમિલન કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાયની ખાસ ઉપસ્થિતિ

## અભિજીત ઉપાધ્યાયએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો દિપોત્સવી અંક અર્પણ કર્યો







જૂનાગઢ તા. ૨૩

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગઈકાલે ગાંધીનગર ખાતે નૂતન વર્ષ નિમિત્તે ગુજરાતનાં અગ્રણી અખબારોનાં પત્રકાર મિત્રો સાથે સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જૂનાગઢના લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાય આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહયા હતા અને મુખ્યમંત્રીશ્રીને સૌરાષ્ટ્ર ભૂમિનો દિપોત્સવી અંક અર્પણ કર્યો હતો. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી દ્વારા આયોજીત સ્નેહમિલનનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીકસ મિડીયાના તંત્રીઓ/ વરીષ્ઠ પત્રકારો ખાસ ઉપસ્થિત રહયા હતા. જૂનાગઢ શહેર અને જીલ્લો અને ગુજરાતની વિકાસ યાત્રામાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક દ્વારા સંપુર્ણ સહયોગ આપવાની ખાત્રી આપી હતી. આ તકે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલએ તંત્રી અભિજીત ઉપાધ્યાયનો ઉમળકાભેર આવકારીને અભિવાદન કર્યુ હતું. એટલું જ નહિં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલા દિપોત્સવી અંક નિહાળી ખુશી વ્યકત કરી હતી. મુખ્યમંત્રી સાથેની શુભેચ્છા મુલાકાત વખતે રાજય સરકારનાં અન્ય વરીષ્ઠ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહયા હતા અને તંત્રીઓ, વરીષ્ઠ પત્રકારો સાથે સંવાદ સાધ્યો હતો. આ દરમ્યાન રાજયનાં ભૂતપૂર્વ મુખ્ય સચિવ અને હાલ મુખ્યમંત્રી કાર્યાલયમાં નિયુકત ચીફ પ્રિન્સીપાલ સેક્રેટરી કે. કૈલાસનાથન સાથે પણ અભિજીત ઉપાધ્યાયની મુલાકાત યોજાઈ હતી. કૈલાસનાથન સાથેની મુલાકાત દરમ્યાન ઘનિષ્ઠ ચર્ચાઓ થઈ હતી જેમાં જૂનાગઢ શહેર જીલ્લાનાં વિકાસ તેમજ વિકાસ આડેનાં અવરોધો, નવી યોજનાઓ, પર્યટનનો વિકાસ વગેરે બાબતે ચર્ચા વિચારણા થઈ હતી.

# ગિરનારની લીલી પરિક્રમા પ્રસંગે જંગલમાં મંગલ જેવું દ્રશ્ય સર્જાયું









## પરિક્રમાનો વિધિવત રીતે પ્રારંભ થાય તે પહેલા જ ગઈકાલે લાખો પરિક્રમાર્થીઓએ શરૂ કરી ગિરનારની પાવન પરિક્રમા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ નજીક આવેલા ગરવો ગિરનાર કે જયાં ૩૩ કરોડ દેવતાનો વાસ છે તેવા આ પવિત્ર ધર્મ ક્ષેત્રમાં દેવ દિવાળીના પર્વથી જ એટલે કે આજથી ગિરનાર ફરતે ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે પરંતુ પરિક્રમા વિધિવત રીતે શરૂ થાય તે પહેલા જ છેલ્લા બે દિવસથી ભાવિકોનો સતત પ્રવાહ ભવનાથ વિસ્તારમાં રહ્યો હતો અને ગઈકાલે તંત્ર દ્વારા પરિક્રમાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો અને ત્રણ લાખ કરતા વધારે ભાવિકો પરિક્રમાના રૂટ ઉપર પરિક્રમાનું પુનિત ભાથું બાંધવા રવાના થયા છે. પાંચ દિવસના પરિક્રમાના આ મેળા દરમ્યાન સ્થાનિક તંત્ર, પોલીસ તંત્ર દ્વારા તેમજ સેવાભાવી સંસ્થાઓ, ઉતારા મંડળ, ધાર્મિક સ્થળો ખાતે પણ ભાવિકોની સુવિધા માટે અનેક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ ઉપરાંત ભાવિકોને પ્રસાદ માટેની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે અને સેવાભાવીઓ કાર્યરત બન્યા છે. ગિરનારના જંગલ વિસ્તારમાં પરિક્રમાના રૂટ ઉપર જંગલમાં મંગલ જેવું વાતાવરણ સર્જાયું છે અને સંતવાણીના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ગરવા ગિરનારની પરિક્રમા અંગે મળતી વિગત અનુસાર, આજે કારતક સુદ ૧૧ને ગુરૂવારે મધરાતે ૧૨ વાગ્યે ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત રીતે પ્રારંભ કરાવે તે પુર્વે ગીરી તળેટીમાં લાખો ભાવિકો ઉમટી પડતા યાત્રિકોના ધસારાને જોતા ગઈકાલે વહેલી સવારે ૪:૧૫ કલાકે પ્રવેશ ગેઈટ ખોલી નાખવાની તંત્રને ફરજ પડી હતી. જેથી વિધિવત પ્રારંભ પુર્વે પરિક્રમામાં ૩ લાખ કરતા વધુ શ્રધ્ધાળુઓએ રૂટ ઉપર પ્રવેશ કરી લીધો છે. જેમાં રાત સુધીમાં અઢી લાખ જેટલા યાત્રિકો રૂટ ઉપર છે તો ૫૦ હજારથી વધુ ભાવિકોએ નળપાણીની ઘોડી વટાવી દીધી છે. ગિરનારની પરિક્રમાના બે દિવસ અગાઉથી યાત્રિકોનું ધીમે-ધીમે ભવનાથમાં આગમન થવા લાગ્યું હતું અને મોડી રાત સુધીમાં એક લાખ કરતા વધુ ભાવિકો ગીરી તળેટીમાં ઉમટી પડતા તળેટીમાં જયાં જગ્યા મળી ત્યાં રાતવાસો કર્યો હતો અને તળેટી જાણે માનવ મહેરામણ ઉભરાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. તો બીજી તરફ વહેલી સવારે ૪ વાગ્યાથી ભવનાથ તરફનો ભાવિકોનો પ્રવાહ આવતો જોઈને તંત્રને ફરજ પડી અને તળેટીમાં આવી ચુકેલા શ્રધ્ધાળુઓને ૩૨ કલાક અગાઉ ઈટવા ગેઈટ ખોલી પ્રવેશ શરૂ કરાવી દીધો હતો. પ્રવેશ શરૂ થતાની સાથે જ ભાવિકોની આતુરતાનો અંત આવ્યો અને જય ગિરનારીના નાદ સાથે ભાવિકોએ પરિક્રમા શરૂ કરી દીધી હતી. ભાવિકોએ પહેલો પડાવ જીણા બાવાની મઢી ખાતે નાખ્યો હતો. ત્યારબાદ ધીમે-ધીમે અનેક ભાવિકો સરકડીયા, બોરદેવી થઈને ભવનાથ નીકળી ગયા હતા. મોડી રાત સુધીમાં હજારો લોકોએ પરિક્રમા પુર્ણ કરી દીધી હતી તો બાકીના ભાવિકોએ જીણા બાવાની મઢી અને માળવેલા વચ્ચે અઢી લાખ કરતા વધુ લોકોએ રાતવાસો કરીને પડાવ નાખ્યો છે તો અન્ય રૂટ ઉપર છે. હાથમાં લાકડી લઈને સિનીયર સિટીઝનો પણ સ્ફૂર્તી સાથે પરિક્રમા કરતા નજરે ચડયા હતા. ૩૬ કિલોમીટરના રૂટ ઉપર અનેક સ્થળે સાધુ-સંતોએ ધુણા ધખાવ્યા છે. તો નાના-મોટા ૨૫૦ જેટલા અન્નક્ષેત્ર ધમધમતા કરવામાં આવ્યા છે. અન્નક્ષેત્રમાં સવારે ચા-નાસ્તો, બપોરે ભોજન-પ્રસાદ અને રાતે જમવાનું પીરસવા અન્નક્ષેત્રના સ્વયંસેવકો ખડેપગે જોવા મળ્યા હતા. ગિરનારની ગોદમાં ઠેર-ઠેર અન્નક્ષેત્રમાં હરી હરનો નાદ ગુંજયો હતો. જોકે, લીલી પરિક્રમા વિધિવત રીતે આજથી શરૂ થશે. આજે ગુરૂવારે રાતે ૧૨ કલાકે ભવનાથમાં ઈન્દ્રેશ્વર ગેઈટ પાસેથી સાધુ-સંતો પૂજનવિધિ કરીને શ્રીફળ વધેરી જય ગિરનારીના નાદ સાથે પરિક્રમાનો વિધિવત પ્રારંભ કરાવશે.


**ફલેટ વેચવાનો છે**

2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
**દલાલભાઈ આવકાર્ય**
**મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦**


# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં દેવ દિવાળી પર્વની ભાવભેર ઉજવણી







## અનેક શહેરોમાં તુલસી વિવાહના કાર્યક્રમોનું આયોજન : ભાવિકોમાં ઉત્સાહ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

કારતક સુદ અગીયારસ અને દેવદિવાળીનું આ પર્વ છે. આ પર્વ પ્રસંગે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં દેવ દિવાળીની ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે ભગવાનના ધામ એવા દેવ મંદિરોમાં વિશેષ પૂજન સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં અનેક શહેરોમાં ભગવાન સાલીગ્રામ અને તુલસીજીના વિવાહના પણ આયોજન કરવામાં આવેલ છે. ભગવાનના લગ્ન પ્રસંગે ભાવિકો ઉત્સાહમય બન્યા છે અને જાજેરી જાન જોડી વાજેત ગાજતે લગ્ન સંપન્ન કરાવવામાં સહભાગી થઈ રહ્યા છે.

આજે દેવ દિવાળીના આ પર્વ પ્રસંગે ભાવિકો દ્વારા પોતાના ઘરે આંગણે આકર્ષક રંગોળી, આસોપાલવના તોરણ, દિપ પ્રાગટય તેમજ ભગવાનને પ્રસાદ ધરાવવામાં આવી રહેલ છે.

તેમજ તુલસીજી પાસો શેરડીના સાઠા સાથે શણગાર કરવામાં આવી રહેલ છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં દેવ દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા પણ દેવ દિવાળી પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

## ભેંસાણના પાટવડ કોઠા નજીક રાજકોટના યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ભેંસાણ તા.૨૩

ભેંસાણના પાટવડ કોઠા વિસ્તારમાં રાજકોટના એક યુવાને કોઈપણ કારણસર પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ અંગે ભેંસાણ પોલીસે આપેલી વિગત અનુસાર, રાજકોટમાં પીડી માલવીયા કોલેજની પાછળ રહેતા કાનાભાઈ દિલીપભાઈ ગતીયા(ઉ.વ.૨૭) નામના યુવાને કોઈ અગમ્ય કારણસર પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. જે અંગેની જાણ ભેંસાણ પોલીસને થતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કેશોદ : વરલી મટકાના જુગાર અંગે બે સામે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૨૩

કેશોદ પોલીસે કસ્તુરબા શેરી નજીક ગઈકાલે જુગાર અંગે દરોડો પાડતા રજનીકાંત ઉર્ફે રાજુ નાનાલાલ દેવાણી લોહાણા (ઉ.વ.૫૯) રહે.કસ્તુરબા શેરી તેમજ ભગવાનજીભાઈ ઉર્ફે ભગાભાઈ હરીભાઈ હુંમર પટેલ(ઉ.વ.૪૮) રહે.દરસાલી વિરૂધ્ધ કાર્યવાહી કરી છે. આ કામના આરોપી નં-૧એ આરોપી નં-૨ પાસેથી વરલી મટકાના આંકડા એક કાગળની ચીઠ્ઠી લખી લઈ પૈસાની હારજીતનો જુગાર રમતા રેઈડ દરમ્યાન કુલ રૂા.૧૪૦૦ના મુદામાલ સાથે પોલીસે ઝડપી લઈ બંને શખ્સો વિરૂધ્ધ જુગાર ધારા ૧૨ કલમ હેઠળ ગુનો દાખલ કરેલ છે. કેશોદ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જયોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

**અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર**
**બાળકો માટે સુવર્ણપ્રાશન**
**વ્યસનમુક્તિ સારવાર**

**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ–શુક્ર–શનિવાર
રાજકોટ : મંગળ–બુધ–ગુરૂવાર

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

**બીના ઈલેકટ્રોનિકસ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.